
# જાગૃતિ સંદેશ

કિંમત : રૂ. ૫.૦૦

પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર

વર્ષ ૧૩ – સળંગ અંક : ૧૪૭ – માર્ચ – ૨૦૧૨


## અને હવે, કચ્છ મીટ–૬ ૨૦૧૨







પરીક્ષાઓ પતી, હવે મોકળાશ!








૮ માર્ચ
મહિલાઓને
સલામ!
આંતરરાષ્ટ્રીય
મહિલા દિવસ



શુકનવંતો
ગુડીપડવો



સચ્ચા है
TM
NHC
Saaz
Sa Re Kha Na
અચ્છા है
સાઝ ની સરગમ, સ્વાદ ચમ ચમ !
HOT CHILLI POWDER
તીખૂ મરચું પાવડર
KASHMIRI CHILLI POWDER
કાશ્મીરી મરચું પાવડર
CORIANDER POWDER
ધાણા પાવડર
CORIANDER-CUMIN POWDER
ધાણા-જીરૂ પાવડર
CUMIN POWDER
જીરૂ પાવડર
BLACK PEPPER POWDER
કાળા મરી પાવડર
TURMERIC POWDER
હળદર પાવડર
''બારે માસ..ભરવા લાયક..
૧૦૦% શુદ્ધ અને તાજા મસાલા મળશે''
100% Natural
100% Genuine
NHC
NHC Foods Limited
(Govt. Recognised Star Export House)
An ISO 22000:2005
(Food Safety Management System)
& An ISO 9001:2008 Certified Company
Email : saaz@nhcgroup.com
For more products log on to www.nhcgroup.com
ADVT
Contact for order
022-6152 2050
time between 11am to 4pm.
Available in 500g., 1kg. pack

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ),
મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



**કેબિનેટ કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેષ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેષ સી. ગાંધી |
| | શ્રી રાજેષ આર. ભણશાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



**છૂટક મૂલ્ય રૂા.૫/-**  **વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**


## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

શિયાળો સંકેલાઈ રહ્યો છે. હેમંતઋતુના ઓતરાદી શિશિરના વાયરા આ વર્ષે મુંબઈને આંબી ગયા. ક્યારેક વરસાદના અતિરેકથી કંટાળેલો મુંબઈગરો ગ્રીષ્મથી તો તોબા પોકારી જાય, પણ હેમંતથી ક્યારેય મોઢું મચકોડતો નથી. વોરડ્રોબમાં એક ખૂણામાં પડેલાં ગરમ કપડાં આ વર્ષે સળવળાટ કરી બહાર ફરવા નીકળ્યાં, પણ જેજેસીમાં તો ટાર્ગેટલક્ષી કાર્યવાહી શરૂ થઈ ગઈ, જેને લઈને જેજેસીના આંગણે હૂંફાળી તાજગી વ્યાપી ગઈ છે. પૂરો મહિનો ખૂબ જ વ્યસ્ત ગયો.

ફેબ્રુઆરી મહિનામાં જેજેસી પરિવારમાં બે નવાં સેન્ટરનું આગમન થયું. તા. ૨૩-૨-૨૦૧૨ના રોજ હિન્દુ પુણ્ય ભૂમિ નાશિક ખાતે, જેજેસી-અંધેરીના ભૂતપૂર્વ સેક્રેટરી શ્રી ચંદ્રકાંત વોરાના સૌજન્ય અને પરિશ્રમથી પૂ. ગુરુદેવ નમ્રમુનિની ઉપસ્થિતિમાં તેમના આશીર્વાદ સાથે સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું. નાશિકમાં બહોળા પ્રમાણમાં જૈનોની વસ્તી છે તેઓને એકતાંતણે બાંધવાના ભગીરથ કાર્યની શરૂઆત આપણે ''જૈન જાગૃતિ સેન્ટર-નાશિક''ને ચાર્ટર આપી કરી દીધી છે.

તે જ રીતે સોમવાર, તા. ૨૦-૨-૨૦૧૨ના રોજ જૈનો અને જૈનત્વથી ઊભરાતા સૌરાષ્ટ્રના ઔદ્યોગિક શહેર રાજકોટમાં ત્રીજું જેજેસી ''જૈન જાગૃતિ સેન્ટર-મિડ ટાઉન''ને ચાર્ટર એનાયત કરી પરિવારના ૧૪૪મા સેન્ટરને વિધિવત્ સ્થાનસ્થ કરી દીધું છે. આ સેન્ટરની સ્થાપના માટે હું જેજેસી-માંડવીના ભૂતપૂર્વ પ્રમુખ, કદાચ **The Than Youngest President** શ્રી ભાવિન શાહની ભાવના અને પ્રયાસને બિરદાવું છું. હજી બીજાં બે સેન્ટર કોચીન અને જયપુર ખાતે શરૂ કરવા તેમના ઉત્સાહપ્રેરક પ્રયાસને હું આવકારું છું. બીજાં ત્રણ-ચાર સેન્ટર ભારતમાં અને બે સેન્ટર વિદેશમાં સ્થાપવા સંબંધી કાર્યવાહી ચાલી રહી છે તે માટે ડેવલપમેન્ટ સેક્રેટરી શ્રી અનિલ દોશીના પ્રયાસની પણ હું નોંધ લઉં છું.

જેજેસી પરિવારના તમામ સક્ષમ સભ્યો અને પદાધિકારીઓને હું આહ્‌વાન સાથે અપીલ કરું છું કે સમયને અનુલક્ષીને વધારે ને વધારે જૈનોને જેજેસીના છત્રમાં દોરી લાવી આપણા પ્રયાસને પ્રવેગ આપે.

અન્ય ધ્યાનાકર્ષક પ્રસંગોમાં, ફેબ્રુઆરીના અંકના મુખપૃષ્ઠ પર ચમકેલ ડીસા શહેરના ''જેજેસી પ્રવેશદ્વાર''નું ઉદ્‌ઘાટન કહી

શકાય. જેજેસીની અનેકવિધ પ્રવૃત્તિઓમાં આ એક 'છોગા' સમાન કાર્ય છે. જ્યાં જ્યાં જૈન જાગૃતિ સેન્ટરો આવેલાં છે ત્યાં ત્યાં આવાં ઓળખનાં ચિહ્નો મુકાય તેવા પ્રયત્નો કરવા દરેકને મારી વિનંતી છે. આનાથી જેજેસીની ઓળખ વધારે આરૂઢ થશે.

બીજા બહુમૂલ્ય પ્રસંગમાં સુરેન્દ્રનગર ખાતે ૪થી માર્ચે યોજાયેલ ગુજરાત મિટ 'સ્નેહ સેતુ-૩'ને ગણી શકાય. ખૂબ જ ઉલ્લાસ, ઉમંગથી આ Eventની ઉજવણી થઈ. સુરેન્દ્રનગરની કારોબારી કમિટીનું વ્યવસ્થાપૂર્ણ આયોજન અદ્‌ભુત હતું. સીમિત સમયમાં નિયત કાર્યક્રમો સંતોષપ્રદ રીતે પાર પડયા તે એક સીમાચિહ્‌ન કહેવાય. ગુજરાતભરમાંથી ૬૧ સેન્ટરોના ડેલિગેટસ તથા સભ્યોએ એક જ મંડપમાં ભેગા થઈ Fellowshipનો આસ્વાદ માણ્યો. વિચારોની આપ-લેથી આવી 'મિટ' ફળદાયી બને છે. હું આ તબક્કે સુરેન્દ્રનગરની જેજેસી ટીમને તથા આ મહાપ્રસંગની સફળતાના ભાગીદાર એવા તમામ તન-મન-ધન અને સમયથી ભોગ આપનારનું અભિવાદન કરું છું. સાથેસાથે આ ઈવેન્ટના પ્રોજેક્ટ ચૅરમૅન અને આપણા ભૂતપૂર્વ ચૅરમૅન શ્રી દિનેશ વી. શાહ અને હાલના સેન્ટ્રલ બોર્ડના મંત્રી શ્રી દ્વિજેશ શાહને હાર્દિક અભિનંદન પાઠવું છું.

જેજેસી પરિવારમાં નવાં નવાં સેન્ટરો ઉમેરાતાં જાય છે તે બહુ જ આનંદદાયક અને ઉત્સાહપ્રેરક છે. જૈન હોવાનું, ભગવાન મહાવીરસ્વામીના અનુયાયી હોવાનું ગૌરવ આમાં પ્રેરકબળ છે. આપણે જો એક હોઈશું તો જ અસ્તિત્વ ટકાવી શકીશું. અસ્તિત્વ હોવું તેનો મતલબ ફક્ત 'જીવવું' એમ નથી, પણ ભગવાને ચીંધેલા રાહે ચાલીને, કર્મોને નિર્જરીને ઉચ્ચ સ્થાન તરફ ગતિ કરવી એ છે. જૈનોમાં ઐક્ય સ્થાપવાના આપણા અવિરત પ્રયત્નોમાં ક્યાંય મેખ ન આવે તેનું ધ્યાન રાખવાનું છે. જૈન જાગૃતિ સેન્ટરનાં બધાં જ સેન્ટરોની એક મજબૂત સાંકળ આ દિશામાં કાર્ય કરી શકે છે, પણ સાથે સાથે એ પણ ધ્યાન રાખવાનું છે કે આપણી આ જેજેસી સાંકળની કોઈ પણ કડી નબળી ન પડે. કારણ, ગમે તેવી મજબૂત સાંકળની એક નબળી કડી સંપૂર્ણ સાંકળને નબળી બનાવી દે છે. તાકાત ગુમાવી દે છે. મારો પ્રયત્ન હંમેશાં એ રહેશે કે કોઈ પણ સેન્ટર નબળું ન પડવું જોઈએ. આપણા ધ્યેય તરફ સતત પ્રગતિ કરતું હોવું જોઈએ. બધા જ સેન્ટરના પદાધિકારીઓને જણાવવાનું કે સેન્ટરને લગતી કોઈ પણ મુશ્કેલીમાં કે ગૂંચમાં અમારો સંપર્ક કરે.

સર્વવિદિત છે કે 'ઉચ્ચ શિક્ષણ અભિયાન' જૈન જાગૃતિ સેન્ટરનો Back Bon પ્રોજેક્ટ બની ચૂક્યો છે. જેજેસી પરિવારનાં ઘણાં સેન્ટરો, ખાસ કરીને મુંબઈનાં બધાં જ સેન્ટરો નૈતિક જવાબદારી ગણીને પ્રોજેક્ટને Mobilise કરે છે, એટલું જ નહીં, જૈન સમાજના સુખી-સંપન્ન શ્રેષ્ઠીઓ સમાજનું ઋણ સ્વીકાર કરીને સિંહહિસ્સો આપે છે. આપણે એક પ્રથા પાડી દીધી છે કે આવાં બધાં સેન્ટરોનું તથા અગ્રગણ્ય ડોનર્સ કે જેમણે ૨૦૧૧ના વર્ષ દરમિયાન રૂા. પાંચ લાખ કે વધુનો ફાળો આપ્યો છે તેઓનું બહુમાન કરવું. તા. ૧૩-૩-૨૦૧૨ના રોજ, મુંબઈની અંધેરીસ્થિત હોટેલ Holiday Innમાં એક સમારંભ રાખવામાં આવ્યો જેમાં આ બધા મહાનુભાવો અને સેન્ટરોને મેમોન્ટો આપીને નવાજવામાં આવ્યા. ત્યારે જ મારી પાસે વર્ષ-૨૦૧૨ માટેના આંકડા આવી ગયા તે રૂા. ૩૫ કરોડને આંબી ગયા છે. હવે દરેક સેન્ટર્સને વિજ્ઞપ્તિ કરું છું કે તેઓ તેમના પ્રયત્નોમાં પાછા ન પડે. સેન્ટરના સભ્યો પાસે ઉપસ્થિત કરતાં પહેલાં અમારી સાથે એટલે કે સેન્ટ્રલ બોર્ડ સાથે કમિટીની એક મિટિંગ ગોઠવે જેથી Action Planનું આયોજન થઈ શકે.

રાષ્ટ્રીય ફલક પર જોઈએ તો સારા સમાચારની અપેક્ષામાં સતત જીવીએ છીએ, પણ કોઈ જ સમાચાર ઉત્સાહજનક આવતા નથી. આપણો દેશ ચારેય બાજુથી ઘેરાઈ ગયો હોય તેવી અનુભૂતિ થાય છે. લાગે છે કે ઈતિહાસમાંથી આપણે કાંઈ જ શીખવા માગતા નથી. આપણા દેશ પર હિમાલય જેવા રક્ષકને ઉવેખીને કેટલાય હુમલા થયા. એમાંથી ફક્ત બે જ હુમલાને આપણે ખાળી શક્યા! હુણોને વિક્રમાદિત્યે મારી હટાવ્યા અને ગ્રીકો (સિકંદર)ને ચંદ્રગુપ્ત મૌર્યએ પાછા રવાના કર્યા. બાકી તો આપણા માંહેમાંહેના કુસુંપનો ગેરલાભ લઈ મુસ્લિમો-અંગ્રેજો-ફિરંગીઓ, વાલંદાઓએ આપણા પર હકૂમત સ્થાપી આપણને ગુલામ બનાવી આપણી સંસ્કૃતિને તોડી-ફોડી નાખી આપણને તારાજ કરી નાખ્યા. આપણી વચ્ચેના કુસુંપના પ્રતાપે ફરી વાર આ જોખમ આપણા પર તોળાય છે!!

૧૯૬૨માં ચીન સાથે કરેલા એગ્રીમેન્ટ ૨૦૧૨માં પૂરા થાય છે. ચીનની વિસ્તારવાદી મહત્ત્વાકાંક્ષામાં આપણાં નોર્થ ઈસ્ટ રાજ્યો આવી જાય છે. ચીન અત્યારથી જ





# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર | : ૧૭-૦૨-૧૨ | નાટક : 'અને પાનખર વીતી ગઈ' | ✉ |
| | ૨૭-૦૨-૧૨ | હસાયરો : 'સાંઈરામ દવેનો હાસ્ય દરબાર' | ▲ |
| • એલિસ બ્રીજ | : ૦૫-૦૨-૧૨ | મૂવી : 'અગ્નિપથ' | ▲ |
| • ભાંડુપ-વિક્રોલી | : ૦૫-૦૩-૧૨ | મૂવી : 'અગ્નિપથ' | ✉ |
| | ૧૯-૦૨-૧૨ | ઉત્સવ : 'આનંદમેળો' | ▲ |
| | ૨૩-૦૨-૧૨ | નાટક : 'એકબીજાને નડતા રહીએ' | ✉ |
| • બોરીવલી | : ૧૨-૦૨-૧૨ | નાટક : 'અને પાનખર વીતી ગઈ' | ✉ |
| | ૨૨-૦૨-૧૨ | નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ' | ▲ |
| • ચેમ્બુર | : ૩૦-૦૧-૧૨ | મૂવી : 'અગ્નિપથ' | ✉ |
| | ૧૩-૦૨-૧૨ | નાટક : 'ગાંધી તારી બીક છે બાકી બધું ઠીક છે' | ✉ |
| | ૧૯-૦૨-૧૨ | ઉત્સવ : 'આનંદમેળો' | ▲ |
| • દાદર | : ૩૧-૦૧-૧૨ | મૂવી : 'અગ્નિપથ' | ✉ |
| | ૨૦-૦૨-૧૨ | ગીત-સંગીત : 'ધર્મ પર આધારિત બૉલીવૂડ ગીત ઉપર નૃત્યો' | ✉ |
| • દહિસર | : ૧૩-૦૨-૧૨ | નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ' | ★ |
| • ડાઉન-ટાઉન | : ૩૦-૦૧-૧૨ | મૂવી : 'અગ્નિપથ' | ✉ |
| | ૦૫-૦૨-૧૨ | નાટક : 'ગાંધી તારી બીક છે બાકી બધું ઠીક છે' | ✉ |
| | ૧૪-૦૨-૧૨ | ઉજવણી : 'વેલેન્ટાઈન-ડે' | ★ |
| • ગોલ્ડન ગારોડિયા | : ૧૮-૦૨-૧૨ | નાટક : 'ગાંધી તારી બીક છે બાકી બધું ઠીક છે' | ✉ |
| | ૧૯-૦૨-૧૨ | ઉત્સવ : 'આનંદમેળો' | ▲ |
| | ૨૭-૦૨-૧૨ | હસાયરો : 'સાંઈરામ દવેનો હાસ્ય દરબાર' | ▲ |
| • જેમ્ જગડુશા | : ૧૮-૦૨-૧૨ | ઉત્સવ : 'આનંદમેળો' | ▲ |
| • જુહુ | : ૦૨-૦૨-૧૨ | નાટક : 'અને પાનખર વીતી ગઈ' | ✉ |
| | ૦૯-૦૨-૧૨ | નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ' | ★ |
| • જૂનાગઢ | : ૨૨-૦૧-૧૨ | સંગીતનો જલસો : 'બંકિમ પાઠક અને પાર્ટી' | ✉ |
| • કલાનગરી વડોદરા | : ૧૫-૦૨-૧૨ | નાટક : 'એકબીજાને નડતા રહીએ' | ✉ |
| • કાંદિવલી | : ૨૭-૦૨-૧૨ | નાટક : ' ? ' | ✉ |
| • લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | : ૨૩-૦૨-૧૨ | સંગીતસંધ્યા : 'બર્થ-ડે ઉજવણી' | ★ |
| • લે. વિં. મહેસાણા | : ૦૧-૦૧-૧૨ | મ્યુઝિક : 'Mehsana Rocks' | ✉ |
| • મલાડ | : ૧૪-૦૨-૧૨ | 'Once up on a time in Mumbai City' | ★ |
| • મુલુંડ | : ૦૩-૦૨-૧૨ | નાટક : 'એકબીજાને નડતા રહીએ' | ✉ |
| | ૧૨-૦૨-૧૨ | Party : 'થેવુર હિલ – Exotica ખાતે DInner Party' | ★ |
| | ૧૭-૦૨-૧૨ | નાટક : 'ગાંધી તારી બીક છે બાકી બધું ઠીક છે' | ✉ |
| | ૧૯-૦૨-૧૨ | Party : બર્થ-ડે નિમિતે DInner Party' | ★ |

| | | | |
|---|---|---|---|
| ● મુંબઈ | : ૧૯-૦૨-૧૨ | કોકટેલ : 'સુગમ સંગીત, લોકવાર્તા, હાસ્યરસ, લગ્નગીતો તથા હિંદી ફિલ્મી ગીતોનો મિશ્ર કાર્યક્રમ' | ★ |
| ● નોર્થ ઈસ્ટ | : ૦૬-૦૨-૧૨ | નાટક : 'ગાંધી તારી બીક છે બાકી બધું ઠીક છે' | ✉ |
| | ૧૯-૦૨-૧૨ | ઉત્સવ : 'આનંદમેળો' | ★ |
| | ૨૮-૦૨-૧૨ | વ્યાખ્યાન : 'My Family Happy Family' | ▲ |
| ● રાજાવાડી | : ૦૬-૦૨-૧૨ | નાટક : 'ગાંધી તારી બીક છે બાકી બધું ઠીક છે' | ✉ |
| | ૧૯-૦૨-૧૨ | ઉત્સવ : 'આનંદમેળો' | ★ |
| | ૨૯-૦૨-૧૨ | ઑરકેસ્ટ્રા : 'સુનહરી યાદે' | ✉ |
| ● સાયન-માટુંગા | : ૨૯-૦૧-૧૨ | મૂવી : 'અગ્નિપથ' | ✉ |
| | ૧૪-૦૨-૧૨ | ઑરકેસ્ટ્રા : 'વેલેન્ટાઈન ગીત-SIFR TUM' | ✉ |
| | ૨૩-૦૨-૧૨ | નાટક : 'ગાંધી તારી બીક છે બાકી બધું ઠીક છે' | ✉ |
| ● તાડદેવ ગ્રુપ | : ૧૮-૦૨-૧૨ | નાટક : 'Dear Father' | ✉ |
| ● વાપી | : ૧૧-૦૨-૧૨ | નાટક : 'એકબીજાને નડતા રહીએ' | ✉ |
| | ૧૯-૦૨-૧૨ | મિલનોત્સવ : 'ગેટ-ટુગેધર + AGM' | ✉ |
| ● વાશી | : ૦૨-૦૨-૧૨ | નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ' | ✉ |
| | ૧૩-૦૨-૧૨ | રંગારંગ : 'રાજેન્દ્ર પાલાનો સંગીમઢ્યો કાર્યક્રમ' | ✉ |
| | ૨૮-૦૨-૧૨ | નાટક : 'અને પાનખર વીતી ગઈ' | ✉ |
| ● વિલે પાર્લે | : ૦૧-૦૨-૧૨ | નાટક : 'અને પાનખર વીતી ગઈ' | ✉ |
| | ૧૧-૦૨-૧૨ | નાટિકા : 'મીરા – મહિલા પ્રતિભાદર્શન અંતર્ગત' | ▲ |
| | ૨૦-૦૨-૧૨ | નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ' | ▲ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# આગામી પ્રવાસ આયોજન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ નોર્થ ઈસ્ટ, રાજાવાડી | રશિયા તથા સ્કેન્ડિનેવિયા કન્ટ્રી | તા. ૧૨-૦૫-૨૦૧૨ થી ૩૧-૦૫-૨૦૧૨ | રૂા. ૨,૪૯,૯૯૯/- |
| ★ ચેમ્બુર | શ્રી નાગેશ્વર તીર્થયાત્રા | તા. ૨૨-૭-૨૦૧૨ થી ૨૪-૦૭-૨૦૧૨ | રૂા. |
| ★ જુહુ | શ્રીનગર / વૈષ્ણોદેવી | તા. ૧૮-૦૫-૨૦૧૨ થી ૨૨-૦૫-૨૦૧૨ તથા તા. ૨૬-૦૫-૨૦૧૨ | રૂા. |
| ★ ચેમ્બુર | કાશ્મીર | તા. ૨૯-૦૫-૨૦૧૨ થી ૦૪-૦૬-૨૦૧૨ | રૂા. ૧૫,૬૦૦/- |
| | લેહ-લડાખ | તા. ૦૩-૦૬-૨૦૧૨ થી ૧૦-૦૬-૨૦૧૨ | રૂા. ૨૧,૦૦૦/- |
| | કાશ્મીર / લેહ-લડાખ | તા. ૨૯-૦૫-૨૦૧૨ થી ૧૦-૦૬-૨૦૧૨ | રૂા. ૩૩,૦૦૦/- |

# યાત્રા : પ્રવાસ : પર્યટન : પિકનિક

| જે.જે.સી. | દિનાંક | સ્થળ |
|---|---|---|
| ★ તાડદેવ | તા. ૨૬-૦૨-૨૦૧૨ | ચૈત્ય પરિપાટી |
| ★ સાયન માટુંગા | તા. ૧૯-૦૨-૨૦૧૨ | એકદિવસીય પિકનિક : ગ્રેટ એસ્કેપ |
| ★ મુંબઈ | તા. ૨૬-૦૨-૨૦૧૨ | એકદિવસીય પિકનિક : રોયલ ગાર્ડન રિસોર્ટ |

## ઉચ્ચ અભ્યાસાર્થે આર્થિક સહાય

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારત તથા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરનાર જરૂરિયાતવાળા કુટુંબનાં હોશિયાર દીકરા-દીકરીઓને ફી-રાહત માટે આર્થિક સહાયની સ્કીમ વર્ષ ૨૦૦૫માં શરૂ કરવામાં આવી હતી. ૨૦૧૧ના વર્ષમાં ટોટલ ૮૫૦ વિદ્યાર્થીઓને આર્થિક સહાય રૂા. ૪.૯૦ કરોડની આપવામાં આવી છે. ૨૦૧૧માં પૂરા થયેલ સાત વર્ષમાં ટોટલ ૩૨૫૫ વિદ્યાર્થીઓને કુલ્લે રૂા. ૧૪.૯૦ કરોડ આર્થિક સહાય દેવામાં આવી છે.

જે.જે.સી. ટ્રસ્ટ પાસેથી મેળવેલી વિગત મુજબ વર્ષ ૨૦૧૨માં સહાય માટેના અરજીપત્ર મે-૨૦૧૨થી ઉપલબ્ધ થશે તથા વિદ્યાર્થીઓને યોગ્ય સહાય રકમ મંજૂરી માટેના ટ્રસ્ટી દ્વારા લેવાતા ઈન્ટરવ્યૂ જુલાઈ, ૨૦૧૨થી શરૂ થશે. ગુજરાત-સૌરાષ્ટ્ર-રાજસ્થાનના અરજીકર્તા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ અમદાવાદ ખાતે ઑગસ્ટમાં લેવામાં આવશે.

અન્ય જાણકારી માટે જે.જે.સી. ટ્રસ્ટ ઑફિસ (વિલે-પાર્લે) સંપર્ક : ટેલિફોન નં. ૬૫૭૨૬૬૩૬ – ૬૬૯૭૩૦૩૮.

ઈ-મેઈલ : educationjainjagruti@gmail.com
admin@jainjagruti.com

વેબસાઈટ : www.jainjagruti.com

*– કિશોર એન. શાહ*
*ચૅરમૅન – જેજેસી-સે. બો. ચૅરિટેબલ ટ્રસ્ટ*

## જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ હાયર એજ્યુકેશન અભિયાન

જેજેસીએ આદરેલ આ અભિયાન કેટલું ફળદાયી છે! તેનાં પરિણામો અને પ્રતિભાવો આવી રહ્યાં છે. આપણા પ્રયત્નો યથાર્થ છે તેની પ્રતીતિ કરાવતા આવા પ્રતિભાવથી આપણને ગર્વ થાય છે. ચાલો, આપણે તેને યોગ્ય પ્રતિસાદ આપીયે.

To,
The Trustees,
Jain Jagruti Centre,
Dear Sir/s,

I, Miss Dishita Turakhia would like to take this opportunity to express my deepest gratitude towards the kind gesture of granting me loan and scholarship to help me pursue further studies at the Architechtural Association School of Architecture, London for the academic year of 2009-2010.

I doubt if it is possible to express in words how thankful I am and how huge a difference it has made towards building my future. The confidence, belief and faith you expressed while reviewing my work had highly encouragedx me to working extremely hard with complete focus and dedication. I am sure you would be quite delighted and proud to know that I was one of the toppers in the batch and have secured Distinction in the Masters course of Emergent Technology and Design. Following this, I was also offered a very good job at a very large architectural firm in London where I managed to get an extremely good exposure to international architectural practices and designs. A very large part of the success would be the result of the encouragement and faith shown inme by your organization. The monetary help offered by your organization helped me a lot in concentrating on the more important aspects of studies and career and be able to make complete use of the resources.

I once again, would like to thank whole-heartedly for the help and I would be very much delighted if I will be able to offer my services and everything I have learned to the community and organization.

A very big thanks from my family as well.

Best regards,
Dishita Turakhia (Architect/Designer)
M.: 9833288793 • Email: turakhia@gmail.com

# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

## 'શિક્ષણ જાગૃતિ અભિયાન'
## શ્રેષ્ઠીઓની પ્રેરણાત્મક ઉત્સાહવર્ધક રજૂઆત

સમાજને મજબૂત, વિકસિત અને પ્રતિષ્ઠિત બનાવવા માટે સારા શિક્ષણની ખાસ જરૂરિયાત રહે છે. સાચી કેળવણી માણસને મૂલ્યનિષ્ઠ અને કર્મનિષ્ઠ જીવન જવતા શીખવે છે. સારી કેળવણીના ફળસ્વરૂપ રોજિંદા જીવનમાં સાર્થકતા પ્રગટે છે. આજનાં બાળકો આવતી કાલના નાગરિકો છે. તેમનું પાયાનું જીવનઘડતર સારું થાય તેમ જ તેમના પરિવારને ભવિષ્યમાં સારો સહારો મળે તે માટે સારું-ઉચ્ચ શિક્ષણ બહુ જરૂરી છે.

JJC સભ્યો દ્વારા દિલ, દાનત, ચીવટ, કર્મનિષ્ઠા અને સાથસહકારથી થતાં કાર્યોથી જે સમાજે આપણને માન, મોભો અને સંતોષ આપ્યાં છે તે જ સમાજના અન્ય જરૂરિયાતમંદોની જરૂરી શૈક્ષણિક સહાયતા કરી સામાજિક ફરજ અદા કરે છે. અત્યારના જેટયુગમાં Globalisation, heavy international competitions mergers, amalgamation & takeovers, highlevel modern culture અને developmentsને કારણે શક્યતા દેખાય છે કે ધીરેધીરે સમય જતા ધંધાઓ, નાની-નાની industries નબળી પડતી જશે, ઘસાતી જશે તથા ટૅક્સ-વેરાઓ, સરકારી ધારાધોરણો અને અનેક જવાબદારીઓને કારણે નાના ધંધાઓ માટે તકલીફો વધશે-આવક ઘટશે અને તેથી અશાંતિ વધશે તેથી હાયર Education ભાવિ પ્રજાને અને તેના પરિવારને self-sufficient કરવા માટે બહુ જરૂરી લાગે છે. વધુ અભ્યાસની જરૂરિયાત અને મહત્ત્વ વધી ગયાં છે. દિવસે દિવસે Higher Education બહુ મોંઘું થતું જાય છે અને વધુ મોંઘા ખર્ચા સૌ કોઈને પોસાતા નથી. જૈન ધર્મ અંગીકાર કરનાર સાંસ્કારિક કુટુંબો દ્વારા હંમેશાં કાંઈ દેવાની, આપવાની, કરી છૂટવાની, સહાય કરવાની ભાવના રહેતી હોય છે. તેઓ દ્વારા લેવાની-માગવાની વાત ક્ષોભ અને સંકોચવાળી બને છે અને આ સંસ્કારિત મા-બાપ મોંઘવારીને કારણે લાચારી અનુભવે છે. આવી મૂંઝવણ અનુભવતાં જૈન કુટુંબોને JJC ટ્રસ્ટ દ્વારા ટૂંકી અને સહેલી વિધિથી કોઈ પણ પ્રકારની ગૅરન્ટી વગર-વ્યાજ વગર હોશિયાર બાળકોને તેઓના Higher Educationના પૂરા કોર્સ દરમિયાન દરેક વર્ષે નક્કી કરેલ આર્થિક સહાય તાત્કાલિક ધોરણે વ્યવસ્થિત રીતે આપવામાં આવે છે. આ સુંદર સહાયકાર્ય જૈન કુટુંબના તારલાને પોતાના કુટુંબના ભવિષ્યને પગભર બનાવી ઉજ્જવળ ભવિષ્ય બનાવવા ખૂબ ઉપયોગી થાય છે.

દરેક જૈન હંમેશાં સારાં કાર્યોમાં સહકાર-સહાયની વૃત્તિ ધરાવતા હોય જ છે. JJCનું આ કાર્ય દરેકના હૃદયને સ્પર્શી શકે તેવું છે જ. જરૂરિયાતમંદોને તેમની બહુ અગત્યની જરૂરિયાતમાં સહાય કરી તેના પરિવારના ભવિષ્યને રાહતમય બનાવી સંતોષ આપી શકીએ તે ખરેખર સહાય કરનાર માટે પુણ્ય કમાવવાની સુંદર તક છે અને ઈશ્વર જરૂરથી દેનારને ઘણું વધારે કરી પાછું આપે છે જે દ્વારા તેઓ વધુ ને વધુ સારાં સમાજોપયોગી કાર્ય કરી અનેકને રાહત આપી શકે.

જૈનોમાં દાન, દયા, સહાયની ભાવના અને સંસ્કાર હોય જ છે. આપણે બાળકોના અભ્યાસ માટે તેમનાં સ્કૂલ/કૉલેજના Admissions માટે, ફી માટે, અન્ય Courses અને સારી Activities માટે, પર્યટન-ટૂર-ટ્રીપ વગેરે માટે આપણાં બાળકો માટે નિયમિત રીતે સારી રકમ વાપરતા હોઈએ છીએ ત્યારે જરૂરિયાતમંદ અન્ય બાળકને પણ ઉપયોગી થઈ તેના પરિવારને ઉજ્જવળ ભવિષ્ય આપવા આપણે એક આપણું બાળક વધુ છે તેમ સમજી આંશિક યથાશક્તિ સહાય કરી, આપણી ફરજ બજાવવાનું યોગ્ય કાર્ય કરવું જ જોઈએ. આવા સુંદર-ઉમદા કાર્યમાં સહાય કરી આનંદ-સંતોષ મેળવવો જોઈએ.

JJCનાં દરેક સભ્ય ભાઈ-બહેનોએ ચોક્કસ નિર્ધાર કરવો જોઈએ કે તે દરેકે આપણા શિક્ષણઅભિયાનની કર્તવ્યનિષ્ઠ મહાન ઝુંબેશમાં યથાશક્તિ સહાય કરીને કોઈ જરૂરિયાતમંદ પરિવારનું ભવિષ્ય ઉજ્જવળ કરવું જોઈએ. આ કાર્ય બહુ મોટું છે - તેની જરૂરિયાતો પણ ઘણી મોટી છે તેથી દરેક સભ્યમિત્ર દ્વારા તેમના નજીકનાં સભ્ય, સગાં-સ્નેહી, મિત્રો યા ઓળખીતા-સ્નેહીઓમાંથી માત્ર ત્રણ-ચાર જણને આપણી આ સ્કીમની સંપૂર્ણ જાણકારી અને વિગત આપીને આ સ્કીમમાં યથાશક્તિ સહાય આપી સહકાર આપવા વિનંતી દ્વારા પ્રયત્ન કરવો જોઈએ. આવા આપણા સુંદર-વ્યવસ્થિત કાર્ય માટે જરૂર ઘણો સારો સહકાર દરેકને મળશે જ અને તેથી આપણું આ કાર્ય વધુ વેગથી પ્રગતિ કરી શકશે.

જેમ નાનકડા દીવાની જ્યોત અંધકાર દૂર કરી વાતાવરણમાં પ્રકાશ આપે છે તે જ રીતે 'માનવસેવા એ જ પ્રભુસેવા'ને નિજીમંત્ર બનાવી આપે આપેલ યથાશક્તિ સહાય કોઈ વિદ્યાર્થી અને તેના પરિવારનું જીવન અને ભવિષ્ય ઉજ્જવળ અને પ્રકાશિત કરી શકશે.

સભ્ય મિત્રો, ઉપરની વિગતો આપણા દાતાઓનાં વિચારો-મંતવ્યો આધારિત છે. આપ સર્વે પણ આપણા JJCના આ અગત્યના અભિયાનના એક અગત્યના ભાગ છો જ. તેથી ખાસ વિનંતી કરવાની કે આપણા મોટા અભિયાન માટે વહેલી તકે સારું યોગદાન આપીને તથા આપશ્રીના અન્ય જાણીતા સેવાભાવીઓ પાસેથી મેળવીને આપ સૌ આ અભિયાનને વધુ ઝડપથી વેગવાન બનાવવા સહૃદયી સહકાર આપશો. સહાય અને સહકાર માટે ખૂબ આભાર અને શુભેચ્છા.

*JJC - જેજેસી ચૅરિટેબલ ટ્રસ્ટ*

Note (૧) આપણા ટ્રસ્ટ પાસે Income Tax Sec. 80-Gનું ટ્રસ્ટને આપેલ રકમ ઉપર ટૅક્સ રાહત માટેનું Exemption Certificate છે. જેથી આપેલ દરેક યોગદાન રકમને ટૅક્સ રાહતનો લાભ પણ મળશે.

(૨) ખાસ જણાવવાનું કે આપણા ટ્રસ્ટે Foreign Currency Contribution Receive કરવા માટે Foreign Regulation Act, 1976 હેઠળ જરૂરી અરજી Central Govt. - New Delhiને કરી હતી તે મંજૂર થઈ ગઈ છે અને હવે આપણા ટ્રસ્ટને તેનું Registration મળી ગયું છે. આપશ્રીના પરદેશમાં વસવાટ કરતા જાણીતા-ઓળખીતા NRI તરફથી Foreign Currency Contributions પણ આપ મેળવી શકો છો અને તે દ્વારા અભિયાનને વધુ વેગવાન બનાવવા સહકાર આપવા હાર્દિક વિનંતી કરીએ છીએ.

*- ચંદ્રવદન આર. શાહ*
*વાઈસ ચૅરમૅન જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ*

# જૈના લેજિસ્લેટિવ કૉન્ફરન્સ વૉશિંગ્ટન-અમેરિકા

JAINA - Jain Association in North America - જૈનોની એક અગ્રગણ્ય સંસ્થા ૧૯૮૧થી શરૂ થયેલ છે જે જૈનો માટે અનેકવિધ રીતે ઉપયોગી થવાના હેતુથી નિયમિત ધોરણે કાર્ય કરે છે. અત્યારના આ સંસ્થાના પ્રમુખ શ્રી સુશીલકુમાર જૈન મુંબઈ આવ્યા ત્યારે અહીંની જૈન સંસ્થાઓની એક મિટિંગ રવિવાર, તા. ૪-૦૧-૨૦૧૨ના રોજ ઈન્ડિયન મર્ચન્ટ હૉલ-ચર્ચગેટ ખાતે સવારે ૧૦.૩૦થી સાંજના ૫.૦૦ સુધી રાખવામાં આવી હતી જેમાં મુંબઈની અનેક જૈન સંસ્થાઓ, ટ્રસ્ટો, સંઘો તથા મંડળોના પદાધિકારીઓએ હાજર રહી તેમની સંસ્થાનાં કાર્યો અંગે જરૂરી માહિતીઓ સર્વેને આપી હતી. આપણા ચૅરિટેબલ ટ્રસ્ટ વતી I. P. Chairman શ્રી કિરણભાઈ શાહ તથા Vice-Chairman શ્રી ચંદ્રવદન આર. શાહે ઉપસ્થિત રહી JJC ટ્રસ્ટની અને કાર્યોની માહિતી સર્વેને આપી હતી તેમ જ Eudcation Projectની આપણે બનાવેલ CD પણ ત્યાં સર્વેને બતાવવામાં આવી હતી. આ મિટિંગમાં આર્થિક સહાય કરતી સંસ્થાઓની વિગત, યુવક-યુવતીઓ માટેની હૉસ્ટેલ સગવડો - ભવિષ્યની જરૂરિયાતો અને તે માટે થતા પ્રયત્નો અંગે સવિસ્તર ચર્ચા-વિચારણા થઈ હતી. મુખ્યત્વે Educationના મહત્ત્વ અને વધુ સગવડોની જરૂરિયાત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો અને જૈનો દ્વારા ક્યાં ક્યાં - ભારત તથા પરદેશમાં કેવા નવા Projects થવાની શક્યતા છે તે અંગે જાણકારી આપવામાં આવી હતી. અત્યારની મુશ્કેલીઓ અને તે દૂર કરવા શું કરવું જરૂરી છે તે અંગે પણ ચર્ચા-વિચારણા થઈ હતી.

હવે આ JAINA આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા "LIVE and HELP LIVE"ના વિષયને અનુલક્ષીને એકદિવસીય અગત્યની કૉન્ફરન્સ તા. ૨૭ માર્ચ, ૨૦૧૨ના વૉશિંગ્ટન-અમેરિકામાં સવારના ૯થી સાંજના ૭ વાગ્યા સુધી મળવાની છે. તેમાં વિસ્તૃત ઍજન્ડા હાથ ધરવામાં આવશે અને JAINAના Representatives પણ હાજરી આપશે જેમાં હાજર delegates સાથે U. S. State Department તથા U. S. Commerce White House Senior Staff સાથે "VISA and Business Opportunity'' વિષય ઉપર ચર્ચા-વિચારણા થશે. જૈન પ્રતિનિધિઓ દ્વારા Education Fieldમાં શું શું કરવું જોઈએ અને શું શું થઈ શકે – Hospitality - Student Stay Fecelities વગેરે વિષય પર ચર્ચા-વિચારણા હાજર રહેલ International જૈન સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા થશે.

આ કૉન્ફરન્સમાં હાજરી આપવાનું આમંત્રણ આપણને પણ આવ્યું છે અને એમાં હાજરી આપવા આપણા તરફથી શ્રી રમેશભાઈ મોરબિયા, શ્રી જિતુભાઈ કોઠારી તથા શ્રી પ્રફુલભાઈ કામદાર અમેરિકા જવાના છે. તેઓશ્રીને અભિનંદન તથા હાર્દિક શુભેચ્છા આપણા સૌ વતી...

# જેજેસીની આજકાલ

## જેજેસી-મુંબઈ

ચાર્ટર દિન ૨૯-૯-૧૯૮૦ – ૩૦ વર્ષ વીતી ગયાં! ૩૧મું વર્ષ પણ દબદબાપૂર્વક પસાર થઈ ગયું. શું કર્યું આ ત્રિ-શતાબ્દી વર્ષમાં?

વર્ષ દરમિયાન અનેક ધાર્મિક-સામાજિક-માનવકલ્યાણ, જીવદયાલક્ષી કાર્યક્રમો અને પ્રોજેક્ટ કર્યા, જેના રિપોર્ટ 'જાગૃતિ સંદેશ'માં આવ્યા જ છે. ઉપરાંત 'જરા હટકે' મનોરંજન કાર્યક્રમોનું આયોજન કર્યું જેને સેન્ટરના સભ્યોએ ઉમળકાભેર પ્રતિભાવ આપ્યો.

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની રચનાઓ પર આધારિત ગીત-સંગીતમઢ્યો કસુંબીનો રંગ માણ્યો તો જૈન ગીત-સંગીતકાર શ્રી શાંતિલાલ શાહ રચિત જૈન સ્તવનો પર આધારિત C.D. બનાવી તેનું વિમોચન કરી દરેક સભ્યોને ભેટ આપી.

પાલિતાણા ખાતે સાધુ-સંતોની વૈયાવચ્ચ અર્થે રૂા. ૫૧,૦૦૦/-નું અનુદાન કર્યું. ગોવાલિયા ટૅંક જૈન આરાધના સહકાર દ્વારા નેત્રયજ્ઞમાં રૂા. ૧,૫૧,૦૦૦/-નું અનુદાન.

ગોવાલિયા ટૅંક જૈન સંઘમાં થયેલા ૬૨૦ જેટલા વરસીતપના તપસ્વીનાં બેસણાંનો લાભ રૂા. ૫૭,૦૦૦/-ના અર્થદાન થકી લીધો. ઘણાં સેન્ટરો દશાબ્દી વર્ષ ખૂબ જ ઉમંગથી ઊજવે છે. ઘણાં સેન્ટરોને દ્વિશતાબ્દી ઊજવવાનો અવસર મળ્યો છે તેનો આનંદ તેઓ જ જાણે છે. કેટલાંક સેન્ટરો રજતજયંતી વર્ષની શાનદાર ઉજવણી કરે છે, તો ત્રિશતાબ્દીની ઉજવણીનો આનંદ કેવો હશે, એ પણ જ્યારે આ સેન્ટરે બબ્બે ચૅરમૅનની ભેટ સેન્ટ્રલ બોર્ડને આપી છે ત્યારે! ૬૪,૦૦૦ સભ્યો પણ તમારા આનંદમાં સહભાગી છે.

## જેજેસી - લે. વિં. મહેસાણા

મહિલા પુરુષસમોવડી બની રહી છે? કે પુરુષસમોવડી બની ગઈ છે તેનો જવાબ આપે છે મહિલા સંચાલિત સેન્ટર – જેજેસી-લેડીઝ વિંગ મહેસાણા. તા. ૧૩-૭-૧૯૯૭ના રોજ ચાર્ટર પામેલ આ સેન્ટરે દશાબ્દી તો પસાર કરી નાખી. ૧૫ વર્ષ પણ યશસ્વી રીતે પૂરાં કર્યાં. જેજેસીના પ્રયોજનને આધીન ઉપરાંત મહિલાઓને રસ પડે, પસંદ પડે તેવા કાર્યક્રમો આપી આજે આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આવા યશ બદલ કોઈ એક વ્યક્તિ જવાબદાર ન હોઈ શકે, પણ ટીમ વર્કને જશ આપવો પડે. જે સંસ્થાનું ફાઉન્ડેશન મજબૂત હોય તે સંસ્થા વર્ષો સુધી તેની ગરિમા સાચવી શકે છે. આ સેન્ટરની સફળતા માટે, યશપૂર્ણ ૧૫ વર્ષ માટે તેનાં ફાઉન્ડર પ્રેસિડન્ટ શ્રીમતી નીલા શાહથી લઈને હાલનાં પ્રમુખ શ્રીમતી કાશ્મીરા હરડે સુધીના બધા પ્રેસિડેન્ટને અભિનંદન આપીએ.

૨૦૧૧ના વર્ષમાં સુંદર કાર્યક્રમો આપ્યા જેના રિપોર્ટ સમયાંતરે 'જાગૃતિ સંદેશ'માં આવેલા જ છે, પણ છેલ્લા ત્રણ મહિનાના કાર્યક્રમોનો ઉલ્લેખ આ સાથે કરવામાં આવે છે :

| | |
|---|---|
| ૦૯-૧૦-૨૦૧૧ | સપ્ટે. – રાજસ્થાન તીર્થયાત્રા |
| ૦૨-૦૮-૨૦૧૧ | શ્રી શંખેશ્વર તીર્થ ખાતે ૧૦૦૮ વૃક્ષારોપણ સેન્ટરની બહેનો દ્વારા |
| ૧૬-૦૮-૨૦૧૧ | વરસાદથી બચવા ૨૫ કુટુંબોને પ્લાસ્ટિકના ૧૫ x ૧૫ ટેન્ટનું વિતરણ |
| ૩૦-૦૯-૨૦૧૧ | નવરાત્રિ ઉજવણી – ગરબાનો કાર્યક્રમ |
| ૧૨-૧૨-૨૦૧૧ | જરા હટકે ગૅમ શો |
| ૩૧-૧૨-૨૦૧૧ | મેડિકલ ચેકઅપ કૅમ્પ |
| ૦૧-૦૧-૨૦૧૨ | મહેસાણા રોક્સ |

બધા જ કાર્યક્રમો બહેનો દ્વારા અને ભોજન સાથે થયા. Come On બહેનો, આવતાં વર્ષોમાં પણ 'ઐક્ય' દ્વારા સુંદર કાર્યક્રમો પીરસો તેવી ભાવના.

## જેજેસી - માંડવી

ઘણા સમય બાદ 'જાગૃતિ સંદેશ'માં આપનું સ્વાગત!

૩૧-૧૨-૨૦૧૧ના દિવસે સેન્ટરના ૬૦ સભ્યોને લઈને એક બસ પિકનિક અર્થે ટપકેશ્વરી મહાદેવ એટલે કે ભુજથી ૧૦ કિ.મી. દૂર આવેલ પિકનિક પૉઈન્ટ જવા ઊપડી. ભજન-સ્તવન-ગીત-રમતો અને નાસ્તો માણતાં માણતાં પર્વતો ઉપર Traking Adventureનો લાભ લીધો. ત્યાંથી 'ધોરડો' મુકામે – જ્યાં ગુજરાત સરકારે રણોત્સવનું આયોજન કર્યું છે – ઉત્સવ માણ્યો અને કચ્છ રિસોર્ટ ખાતે રાત્રિનું ડીનર લઈ પરત થયા. આ રણોત્સવ ભારતવિખ્યાત થઈ ગયો છે.

## જેજેસી - લે. વિં. જામનગર

Welcome 2012ના કાર્યક્રમ અન્વયે મહિલા સંબંધી અલગ અલગ હરીફાઈ યોજી આનંદ માણેલ. ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનને અનુરૂપ કાર્યક્રમો આપ્યા અને ૧-૨-૨૦૧૨ના રોજ સામૂહિક જાપ તથા સામાયિકનું આયોજન કર્યું.

## જેજેસી – ધ્રાંગધ્રા

જેજેસી પરિવારમાં કાયમી ઑર્થોપેડિક સેન્ટર ચલાવનાર તથા ઉચ્ચ અભ્યાસ અભિયાનમાં અનાયાસે કારણભૂત થનાર જેજેસી-ધ્રાંગધ્રા માનભર્યું સ્થાન ભોગવે છે. ત્યાંની ટીમ ઐક્યતાથી મોટા પ્રોજેક્ટ પાર પાડે છે. તે સેન્ટરની નવી ટીમ શ્રી નવીન શાહની આગેવાનીમાં પદગ્રહણ કરી જવાબદારી સ્વીકારી લીધેલ. મહેમાનોનું સ્વાગત ફૂલના બુકે કે હારથી કરવાને બદલે ખાદીના રૂમાલ અર્પણ કરી નવી પ્રથા શરૂ કરેલ, જે આવકારદાયક ગણી શકાય.

## જેજેસી – એલીસ બ્રિજ



રવિવાર, તા. ૨૫-૧૨-૨૦૧૧ના રોજ સવારથી સાંજ સુધી એકદિવસીય પિકનિકના આયોજનમાં નજીક આવેલ ફાર્મ હાઉસમાં એક ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ રાખવામાં આવ્યો જે અન્વયે બહુધા સભ્યોની હાજરીમાં વિવિધ Physi-Game and Intel-Game રમાડવામાં આવી. જાદુગરને બોલાવી ટ્રીક શો રાખી બધાને ચકિત કરી દીધા. સાંજે હાઉઝીની સર્વપસંદ ગૅમ રમાડી બધાને પોતપોતાના નસીબ Revive કરવાનો મોકો આપ્યો.

આ સેન્ટર આનંદની સાથે સાથે સામાજિક ફરજ ક્યારેય ભૂલતું નથી. પૂરા દિવસ દરમિયાન સભ્યો માટે રક્તદાન શિબિરની ગોઠવણી કરી. દરેકને પ્રેરણા આપવા સેન્ટરના સેક્રેટરી શ્રી વિજય મહેતાએ ૩૫મી વખત રક્તદાન કરી, પૂર્વ ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારીની કંડારેલી કેડી પર આગળ વધ્યા અને પરિણામે ૭૭ બોટલનું રક્તદાન મળ્યું. અભિનંદન...

ત્યાર બાદ તુરત જ બીજા દિવસે, એટલે કે રવિવાર, તા. ૧-૧-૨૦૧૨ના રોજ જૈન શ્રાવિકા સંસ્થાનના સહયોગમાં એક યુવામેળાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૬૦ યુવક-યુવતીઓએ વિનાસંકોચે ભાગ લઈ પોતાનો પરિચય સ્ટેજ પરથી આપ્યો. પ્રાઈમરી પસંદગી પામેલ યુવક-યુવતીઓને મિટિંગ કરવાની વ્યવસ્થા કરી, એટલું જ નહીં, પણ ત્વરિત નિર્ણય લેવા માટે મદદરૂપ થવા જન્માક્ષર મેળવી આપવાની પણ વ્યવસ્થા કરી. આ એક સુંદર પ્રયાસ હતો.

ત્યાર બાદ ૧૮૦ સભ્યોને લઈને શનિવાર, તા. ૭-૧-૨૦૧૨ અને રવિવાર, ૮-૧-૨૦૧૨ દરમિયાન લીનમાલ, સાંચોર, ભોરોલ વગેરે સ્થળોએ યાત્રા કરી આવ્યા અને સભ્યોએ સ્નાત્ર પૂજા, ભક્તિગીતો તથા સેવાપૂજાનો લાભ લીધેલ.

## જેજેસી – ભૂજ

સમગ્ર રાષ્ટ્રને ધ્રુજાવી, તારાજીની રેખા સુધી લઈ જનાર ૨૬ જાન્યુઆરીનો કચ્છનો ભૂકંપ યાદ છે ને! તેની ૧૧મી વરસી નિમિત્તે જેજેસી-ભૂજની મહિલા પાંખે ભૂજની આજુબાજુના વિસ્તારોમાં આવેલ દરેક ઝૂંપડપટ્ટીમાં જઈને નાસ્તાનું વિતરણ કર્યું.

ધન્યવાદ...

## જેજેસી – કોલ્હાપુર



વતનથી દૂર કાર્યરત રહેતા આ સેન્ટરની નવી ચૂંટાયેલી કારોબારીની પદગ્રહણવિધિમાં શુભેચ્છા પાઠવવા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ સર્વશ્રી રમેશ મોરબિયા, જયંતી છાડવા, પ્રફુલ્લ કામદાર ખાસ ઉપસ્થિત રહ્યા. નવા વરાયેલા પ્રમુખ શ્રી ઉદય શાહને ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દેવીચંદજી સંઘવી તથા ભરત સંઘવીએ શુભેચ્છા આપી.

# પ્રેસ નોટ

## યુવામેળાના આયોજનમાં ફેરફાર

જૈન જાગૃતિ સેન્ટર-બોરીવલી દ્વારા યુવામેળાના આયોજનમાં ફેરફાર થયેલ છે. તા. ૧-૦૫-૨૦૧૨ ને બદલે હવે યુવામેળાનું આયોજન તા. ૬-૦૫-૨૦૧૨ ને રવિવારે કરવામાં આવશે. સ્થળ તથા અન્ય સમયસારણી પહેલાંની જેમ જ રહેશે જેની નોંધ લેવા વિનંતી.

## સમૂહલગ્ન

જૈન જાગૃતિ સેન્ટર-સયાજીનગરી આયોજિત આગામી સમૂહલગ્ન તા. ૨૫-૧૧-૨૦૧૨ ને રવિવારના રોજ નિરધાર્યાં છે. રસ ધરાવતા વડીલોએ ૦૯૪૨૭૩૧૩૧૧૩ / ૯૮૨૫૩૨૫૩૧૫ / ૮૯૦૫૭૩૩૧૧૧ પર સંપર્ક કરવો.

લગ્નપ્રસંગ-સહાયક-ભોજન સમારંભ-મંડપ તથા કરિયાવરના સૌજન્ય આવકાર્ય છે.

# અભિનંદન

## જેજેસી-જામનગર (વેસ્ટ)

સેન્ટરના શ્રી સમીર દોશીને ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તથા શ્રી મુકેશ અંબાણીના શુભ હસ્તે B.Tech (Petrolium)ની ડિગ્રી એનાયત કરી બહુમાન કરવામાં આવેલ.

# વાર્ષિક સામાન્ય સભા

શનિવાર, તા. ૩૧-૧૨-૨૦૧૧ના રોજ પૂરા થતા વર્ષની આવક-જાવકનો હિસાબ તથા સરવૈયાની રજૂઆત વાર્ષિક સામાન્ય સભા (AGM)માં કરવી આવશ્યક છે. આ વિધિ કારોબારીની વહીવટી પારદર્શિતા સૂચવે છે. દરેક સેન્ટર પબ્લિક ટ્રસ્ટ સમાન છે. તેથી દરેક સેન્ટરના પ્રમુખ/સેક્રટરી(I)ને વિનંતી કે વહેલી તકે Books of Account પૂર્ણ કરી ઑડિટ કરાવીને AGMમાં રજૂ કરે અને તેની કૉપી સેન્ટ્રલ બોર્ડમાં મોકલી આપે. આને આદેશાત્મક વિનંતી ગણી જલદી (At the earliest but note later than 30-6-2012) પૂર્ણ કરે. દરેક સેન્ટરની AGMના સમાચાર 'જાગૃતિ સંદેશ'માં આવશે.

**વાર્ષિક સામાન્ય સભા**

જેજેસી-મુંબઈ દ્વારા રવિવાર, તા. ૧૯-૨-૨૦૧૨ના રોજ પાટકર હૉલ ખાતે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ.

# પ્રતિભાવ

''ગુજરાત મિટ ૨૦૧૨-સ્નેહ સેતુ-૩'' ની અભૂતપૂર્વ સફળતાએ જે.જે.સી.-સુરેન્દ્રનગરની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરીને જે.જે.સી.ના સૂત્ર ''પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર''ના સૂત્રને સાર્થક કરી જે.જે.સી.ની આભામાં ચાર ચાંદ લગાવી દીધા.

આ અવિસ્મરણીય સફળતા અને સિદ્ધિ ''ગુજરાત મિટ ૨૦૧૨-સ્નેહ સેતુ-૩'' રૂપી સાગરમાં છલકાયેલ ૨૪૦૦થી પણ વધુ જે.જે.સી.ના સભ્ય પરિવાર તે વાતની સાક્ષી પૂરે છે. ખરેખર! શ્રી ડી. વી. શાહસાહેબ (પ્રો.ચે.) તથા શ્રી દ્વિજેશભાઈ (પ્રમુખશ્રી) તથા તેમની સંપૂર્ણ કારોબારી ટીમે ત્યાં ઉપસ્થિત સર્વના હૃદયકમળમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કરી લીધું. એક જ શમિયાણે ૬૫થી પણ વધુ જે.જે.સી.ના સભ્ય પરિવારને એકત્રિત કરી જે.જે.સી.ની પરંપરાને વધુ મજબૂત બનાવવા માટે આપને અમારા લાખો સલામ. — *કાશ્મીરા હરડે*

# પુસ્તક પરિચય

યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ની પાવન પ્રેરણાથી શ્રી ગુણવંતભાઈ બરવાળિયા સંપાદિત ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ ''આગમ'' પારસધામ-ઘાટકોપર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. ભગવાન મહાવીરનો આધ્યાત્મિક દિવ્ય વારસો આપણા આગમ ગ્રંથોમાં જળવાઈ રહ્યો છે. પ્રસ્તુત પુસ્તકમાં સંક્ષિપ્તમાં દરેક આગમમાં ક્યા ક્યા વિષયો આવરી લેવામાં આવ્યા છે તેની ટૂંકાણમાં, પણ સચોટ વિગતો આપવામાં આવી છે. દરેક આગમમાંથી બે-ત્રણ મૂળ ગાથાઓ અને તેની સમજૂતી પણ આપવામાં આવી છે. આગમના સંદર્ભે શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન, ખગોળ, ભૂગોળ, સમુદ્રવિજ્ઞાન (મરિન સાયન્સ), પર્યાવરણ, જિનેટિક સાયન્સ અને યોગની વિગતો પણ પ્રસ્તુત પુસ્તકમાં છે. જિજ્ઞાસુઓ માટે આ પુસ્તક રસપ્રદ અને ઉપકારક બની રહેશે. ટૂંક સમયમાં ઇંગ્લિશમાં અનુવાદ પ્રગટ થશે.

**પ્રાપ્તિસ્થાન :**

૧) પારસધામ, વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૭૭.

૨) પાવનધામ, બીસીસીઆઈ. ગ્રાઉન્ડ સામે, મહાવીરનગર, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ – ૪૦૦ ૦૬૭.

કિંમત રૂા. ૧૦/-

આપો આપના વ્હાલા દિકરા -દિકરીઓને તેમના વર્ષભરના સ્ટ્રેસ અને ભણતરના
ટેન્શન બાદ તેમને તનમનથી ફ્રેશઅપ કરતી મુલ્યવાન અને યાદગાર ભેટ.




કલાકૃતિ આયોજીત

# બાળકો અને યંગસ્ટર્સ માટે

## લકઝરીયસ રિફ્રેશીંગ એડવેંચર કેમ્પ્સ /ટુર્સ




**સમર વેકેશન ૨૦૧૨**

- બાળકો / યંગસ્ટર્સ નાં સપનાઓને સાકાર કરતી જાદુઈ દુનિયા .
- કુદરતનાં ખોળે આલિશાન હોટેલોમાં રહેઠાણ, આપણા પોતાના રસોઇઆનું લહેજતદાર, પ્યોર વેજીટેરિયન ભોજન (જૈન પણ) સાથે નિષ્ણાતો દ્વારા અનેક સાહસસભર-જ્ઞાનવર્ધક પ્રવૃતિઓ, સલામતી, પ્રેમાળ-અનુભવી મેલ/ફિમેલ ટીચરો દ્વારા સ્નેહભરી સંભાળ, સ્પે. ગેમ હોસ્ટ દ્વારા અધધધ... મનોરંજન અને શ્રેષ્ઠ સાઈટસીનનો અદ્ભૂત સમન્વય.
- છેલ્લા ૧૬ વર્ષમાં ૩૦,૦૦૦ થી વધુ ભાગ લેનાર બાળકો અને યંગસ્ટર્સની પૂર્ણપણે ચાહના મેળવનાર.
- પ્રથમ વખત ઘરથી છૂટા પડતા બાળકો માટે ખાસ મોકલવા જેવા કેમ્પો.
- દિકરાઓની જેમ આપની નાની-મોટી દિકરીઓને પણ નિશ્ચિતપણે મોકલી શકો એવા ઉમદા કેમ્પો.
- ભાવિની સંગોઈ, રીતેશ ગાલા અને ભરત છેડા આયોજિત સમાજના એક માત્ર સર્વશ્રેષ્ઠ અને વિશ્વસનીય કેમ્પ્સ/ફન ટુર્સ.






| | | | | |
|---|---|---|---|---|
| મનાલી-શીમલા-આગ્રા | પ્રઃ એ. ૨૦ - મે ૦૪,૧૮ - જુન ૦૧ | દિ. ૧૦ | વયઃ ૧૩-૨૧ | ટુર ફી રૂા. ૧૪,૭૩૦/-* |
| દાર્જીલીંગ-સિક્કિમ | પ્રઃ એ.૦૬ - મે.૧૯ | દિ. ૧૪ | વયઃ ૧૪-૨૧ | ટુર ફી રૂા. ૧૬,૮૯૦/-* |
| નૈનીતાલ-કોરબેટ - આગ્રા | પ્રઃ એ.૨૭ - મે.૧૧, ૨૫ | દિ. ૧૦ | વયઃ ૧૩-૨૧ | ટુર ફી રૂા. ૧૪,૧૯૦/-* |
| ગ્લોરીયસ ગોવા | પ્રઃ મા.૩૦ - એ.૦૪, ૦૯, ૧૪ | દિ. ૬ | વયઃ ૧૩-૨૧ | ટુર ફી રૂા. ૬,૯૯૦/-* |
| દાંડેલી ફૉરેસ્ટ | પ્રઃ એ. ૦૫, ૦૯, ૨૮ - મે. ૦૨, ૦૬, ૧૦, ૧૪ | દિ. ૬ | વયઃ ૧૦-૧૬ | ટુર ફી રૂા. ૭,૯૮૦/-* |
| એડવેંચર આઈલેંડ | પ્રઃ મા.૨૧,૨૫ - એ.૧૫,૧૯,૨૩ મે.૧૯,૨૩,૨૭ | દિ. ૬ | વયઃ ૧૦-૧૫ | ટુર ફી રૂા. ૭,૮૦૦/-* |
| પંચમઢી હીલ સ્ટેશન | પ્રઃ એ. ૨૧, ૨૫, ૨૯ - મે. ૦૩, ૦૭, ૧૧ | દિ. ૬ | વયઃ ૧૦-૧૫ | ટુર ફી રૂા. ૭,૩૫૦/-* |
| ગગનગિરિ હીલ સ્ટેશન | પ્રઃ એ. ૧૪, ૧૮, ૨૨ મે. ૧૨, ૧૬, ૨૦, ૨૪, ૨૮ | દિ. ૬ | વયઃ ૯-૧૪ | ટુર ફી રૂા. ૭,૩૫૦/-* |
| પન્હાલા હીલ સ્ટેશન | પ્રઃ એ.૩૦ - મે.૦૪ | દિ. ૬ | વયઃ ૮-૧૪ | ટુર ફી રૂા. ૬,૯૯૦/-* |
| જ્યોતિબા હીલ સ્ટેશન | પ્રઃ એ. ૨૬ - મે. ૦૮ | દિ. ૬ | વયઃ ૮-૧૪ | ટુર ફી રૂા. ૬,૬૩૦/-* |
| લેહ લડાખ | પ્રઃ જુન ૦૯ | દિ. ૧૧ | વયઃ ૧૬-૩૦ | ટુર ફી રૂા. ૩૫,૭૦૦/-* દિલ્હી-લેહ-દિલ્હી (BY AIR) |
| હોંગકોંગ-શેન્ઝેન-મકાઉ | પ્રઃ મે. ૦૫ | દિ. ૯ | વયઃ ૧૪-૨૮ | US$ ૧૪૨૦ P.P. + ૩૦૦૦૦/- ટ્વીન શેરીંગ |

**ધોરણ ૯,૧૦ અને ૧૨ ના પરીક્ષાર્થીઓ અને કોલેજીયનો માટે ખાસ યોજાયેલી રીફ્રેશીંગ ટુરોઃ**

૧) **ગોવા વીથ વોટર સ્પોટર્સ:** ૩૦ માર્ચ, ૪ એપ્રિલ, ૯ એપ્રિલ

૨) **દાંડેલી ફોરેસ્ટ વીથ-વોટર સ્પોટર્સ અને જંગલ સફારી:** ૫ એપ્રિલ, ૯ એપ્રિલ

૩) **દાર્જીલીંગ - સીક્કીમ :** ૬ એપ્રિલ

૪) **મનાલી-શીમલા-ચંદીગઢ-આગ્રા:** ૨૦ એપ્રિલ

**૧૦ થી ૧૫ વર્ષ વચ્ચેના CBSE અને ICSE સ્કુલના વિદ્યાર્થીઓ માટે સ્પેશીયલ 'માર્ચ વેકેશન' કેમ્પોઃ**

**ઍડવેંચર આઇલેંડ વીથ વોટર રાઇડસ :** ૧) ૨૧ માર્ચ, ૨) ૨૫ માર્ચ

**KALAKRRUTI** Luxurious Refreshing Adventure Camps & Tours

*For details, Brochure & Bookings :*

**Tel.: 3293 7393, 3247 7393, 3249 7393, 2418 7393, 9819123666, 9833252568**

**visit us at www.kalakrruti.in** Office Time : 12.00 to 07.00 p.m.

Size : 165 x 218 mm

જોઈએ છે, સમર વેકેશન કેમ્પો માટે પ્રેમાળ અને હોંશિયાર (૧૯ થી ૩૫ વર્ષ) મેલ / ફિમેલ વૉલિંટિયર્સ અને ઑફિસવર્ક માટે ફિમેલ સ્ટાફ (વેકેશન અને રેગુલર જોબ )

*Above Rates are Per Person for Ex-Student or Group of 3 (or more) & For Single Rs. 180/- to Rs. 360/- Extra. Service Tax not Included.

ADVT

# જેજેસી કચ્છ મીટ–૬

(વર્ષ: ૨૦૧૨)

ગાંધીધામ, કચ્છ – ગુજરાત : રવિવાર, તા. ૧૦–૬–૨૦૧૨

–: સહભાગી સેન્ટર્સ :–

| સેન્ટર | | પ્રમુખ |
|---|---|---|
| ભુજ | : | નરેન્દ્ર વી. શાહ |
| માંડવી | : | વિપુલ આર. ગાંધી |
| અંજાર | : | ડેની આર. શાહ |
| ગાંધીધામ | : | મહેશ એમ. પૂંજ |
| માધાપર | : | મહેશ આર. શાહ |
| મુંદ્રા | : | અશ્વિન એન. મહેતા |
| નખત્રાણા | : | કેવલ આર. શેઠ |
| રાપર | : | વાડિલાલ ટી. મોરબિયા |
| માંડવી લેડિઝ વિંગ | : | પ્રજ્ઞા એમ. શાહ |

ગાંધીધામ, કચ્છ–ગુજરાત ખાતે રવિવાર, તારીખ ૧૦–૬–૨૦૧૨ના રોજ 'જેજેસી કચ્છ મીટ–૬' (વર્ષ ૨૦૧૨)નું આયોજન થઈ રહ્યું છે જેમાં કચ્છના દરેક સેન્ટરના પદાધિકારીઓ અને સભ્યો સહભાગી થશે. આ સમારોહનું આયોજન ગાંધીધામ તેમજ અંજાર સેન્ટરે સંભાળેલ છે. આ કચ્છ મીટ–૬ (વર્ષ ૨૦૧૨)માં જેજેસી સેન્ટ્રલ બોર્ડની વર્ષ ૨૦૧૨–૧૩ માટે નવા વરાયેલા પદાધિકારીઓની ટીમ હાજર રહેશે જેમનું અભિવાદન કરવામાં આવશે. જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓ પણ આ મીટમાં ઉપસ્થિત રહેશે અને માર્ગદર્શન આપશે.

**મહેશ એમ. પૂંજ**
પ્રમુખ–ગાંધીધામ

**ડેની આર. શાહ**
પ્રમુખ–અંજાર


One Solution For All Your Fire Protection Needs.
EURO
WNCL
NITIN FIRE PROTECTION INDUSTRIES LIMITED
FIRE PROTECTION ENGINEERS
Corporate Headquarter
501, Delta, Technology Street, Hiranandani Gardens, Powai, Mumbai - 400 076. INDIA
Tel.: +91 22 4045 7000 Fax.: +91 22 2570 1110
Email : nitinfire@vsnl.com Website : http://www.nitinfire.com

ADVT




FIRE PROTECTION ENGINEERS
Total Fire Protection Solutions

ADVT

શ્રી મહાવીરાય નમઃ

JAIN JAGRUTI CENTRE
JJC
1975

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર


# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ – પ્રેરીત

# જૈન જાગૃતિ સેન્ટર–અંકલેશ્વર–આયોજીત

**All JJC Centre Open**

**Date : 29-04-2012**





# Mega Dance Compitition

| Group | Age | Type Dance |
|---|---|---|
| A | 7 to 11 Year | Solo, Group |
| B | 12 to Unmarried | Solo, Group, Duets |
| C | Married | Duets, Group |

વધુ વિગત :- **નૃપ્તી શાહ** તથા આપના સેન્ટરના **પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી**

Mo 94271 88384

ADVT

# ગુજરાત મીટ : સ્નેહ સેતુ-૩

**તા. ૦૪-૦૩-૨૦૧૨**




















# Felicitation of Donor's

**ઉચ્ચ શિક્ષણ અભિયાન ૨૦૧૧**


















Rajshree
**CLOVER**

*Presenting a benchmark for quality of life*



**1 / 2 / 3 BHK FLATS**

Site : Bldg. No 110, Tilak Nagar, Chembur (East), Mumbai - 400 089.

**Ongoing Projects**



Rajshree Amber MALAD (E)
1 / 2 BHK FLATS



Rajshree Status GHATKOPAR
4 BHK FLATS



Rajshree DAISY CHEMBUR
2 / 3 BHK FLATS

Developer :
RAJSHREE BUILDERS
Building A Future Into Every Home

Marketing Consultants :
**Manish D. Vora**
9820144859 / 9324339343

ADVT

# ગુજરાત મીટ

## જેજેસી-સુરેન્દ્રનગર આયોજિત "સ્નેહ સેતુ-૩"

સમગ્ર ગુજરાતના જૈન જાગૃતિ સેન્ટર્સના સર્વે સભ્યોને પાઠવીને તા ૪ માર્ચ ૨૦૧૨ને રવિવારના રોજ સુરેન્દ્રનગરના મંગળ ભુવન હોલ ખાતે મેગા-મીટનું સફળ આયોજન કર્યું.

આ એક મેગા ઈવેન્ટ હોઈ મને ખાસ જવા માટે ઈંજન આપવામાં આવેલ.

ટ્રેઈન જેમ જેમ સુરેન્દ્રનગર નજીક આવતી ગઈ તેમ તેમ ક્ષણો રોમાંચક થતી ગઈ. ક્યારેક કરેલી મુલાકાતની યાદો આવતી ગઈ. સુરેન્દ્રનગરનું મૂળ નામ વઢવાણ કેમ્પ. એક સમયે સૌરાષ્ટ્ર (કાઠીયાવાડ)જેવડા નાનકડા પ્રદેશમાં ૮૦ જેટલા રજવાડાની હકૂમત ચાલતી. એમાંય અમરેલી ગાયકવાડ સરકારની હકૂમતમાં અને દીવનો પ્રદેશ પોર્ટુગીઝના હવાલે. આ બધા નાના નાના રજવાડા ઉપર દેખરેખ રાખવા અંગ્રેજોએ વઢવાણ પાસે કેમ્પ સ્થાપેલો. આગળ જતા એ વિસ્તાર સુરેન્દ્રનગર તરીકે ડેવલપ થઈ વિશાળ નગરમાં ફેરવાઈ ગયો. અને Gate way of Saurashtra તરીકે આરૂઢ થઈ ગયો.

પણ અત્યારે સુરેન્દ્રનગર ઓળખ કરવી હોય તો હંસા મજાકના સ્વરૂપ સુરેન્દ્રનગરના જ એક સાક્ષર કવિએ કહેલ એ Naughty મુક્તક યાદ આવી.

**''હસવું આવે તો હસી લેજો**
**નહીતર હસવામાં કાઢી લેજો''**

સુરેન્દ્રનગર શહેર, રાજકોટથી ૧૧૦ કિ.મિ. દૂર છે અને ૧૨૦ કિ.મિ. અમદાવાદથી. સુરેન્દ્રનગરને સૌરાષ્ટ્રમાં રહેવું નથી એ ગુજરાતવાલા રાખવા તૈયાર નથી.

સુરેન્દ્રનગરમાં ચોથી દુકાન ચાની, પાંચમી દુકાન પાનની, દસમી દુકાન દવાની અને ૧૬ વ્યક્તિએ એક વ્યક્તિ સટોડિયો જોવા મળે છે.

સુરેન્દ્રનગરમાં ૫૦ મીટરની અંદર બે ટાવર આવેલા છે, જે એક અજાયબી છે. બન્ને ટાવરમાં બધુ, મળીને આઠ ઘડિયાળ છે, જે એક જ સમયે જુદો જુદો ટાઈમ દેખાડે છે.

સુરેન્દ્રનગરમાં પુરુષ પાણી ભરે છે, સ્ત્રીઓ રાંધે છે, બાળકો ચિંધ્યા કામ કરે છે અને બહારગામથી આવેલા મહેમાનો ભરપેટે જમે છે.

દરેક શહેરમાં પુલ હોય, પુલ નીચે થી નદી જતી હોય, સુરેન્દ્રનગરમાં પુલ છે અને પુલ ઉપરથી નદી જાય છે, અને તેને બેઠો પુલ કહે છે.

સુરેન્દ્રનગરમાં વેકેશન દરમિયાન મૃત્યુ દર ઓછો રહે છે કારણકે લગભગ ડોક્ટરો બહારગામ ફરવા ગયા હોય છે.

સુરેન્દ્રનગરમાં ક્રિકેટ વધારે રમાય છે, હોકી એ ફૂટબોલ ઓછું રમાય છે, કારણકે તેમાં કોર્નર આવે અને કોર્નરમાંથી ગોલ કરવાના હોય, સુરેન્દ્રનગરવાળા જ્યાં ત્યાં ગલા કરી નાખે છે.

સુરેન્દ્રનગરમાં ૪૮% લોકો અહમમાં જીવે છે અને બાકી ના ૫૨% વહેમમાં જીવે છે.

સુરેન્દ્રનગરમાં ૫૮% લોકો 'સપ્તાહ'માં જાય અને બાકીના ૪૨% હપ્તા ભરે છે.

સુરેન્દ્રનગર ૫%લોકો ઈતિહાસ બનાવે છે, ૬૫% લોકો ઈતિહાસ વાંચે છે. બાકીના ઈતિહાસ શુલટાવે છે.

ગાય, ગાંડા ને ગાઠીયા, સુરેન્દ્રનગરના ગમે તે ચોકમાં, ગમે ત્યાં જોવા મળે છે.

સુરેન્દ્નહરમાં કેરી બજાર માં કેરી મળતી નથી, વિઠ્ઠલપ્રેસમાં કોઈ પ્રેસ જોવા મળતો નથી, લક્ષ્મી પરામાં લક્ષ્મીનો અભાવ છે. ટાંકી ચોક માં પાણીની કોઈ ટાંકી નથી, વાદીપરામાં કોઈ વાડી જોવા મળતી નથી.

સુરેન્દ્રનગરમાં ૬૩% લોકો ઉપગ્રહની વાતો કરે છે અને બાકી ના ૩૭% લોકો પૂર્વગ્રહથી પિડાઈ છે.

### મિસ-કોલ

ઘણું બધું એવું છે, જે નથી ગમતુ
પણ કાંઈક જે એવું છે, જે ગમે છે
જેના કારણે સુરેન્દ્રનગરમાં રહેવું ગમે છે.

દીલીપ ડી શાહ - સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર સ્ટેશને ગાડી ઉભી રહી અને સ્ટેશન ઢોલ નગારાથી ગાજી ઉઠયુ બન્ને ચેરમેન અને ટીમનું સ્વાગત વિશિષ્ટ રીતે કરી આશ્ચર્ય સર્જી દીધુ. સ્ટેશનથી ઉતારા સુધીમાં કેટલાય આવકારતા બેનર્સ જોયા લાગ્યું કે પૂરા સુરેન્દ્રનગર શહેરમાં celebration નો માહોલ છવાઈ ગયો છે.

સાંભળવા મળ્યું કે લગભગ ૮૦૦ જેટલા ડેલેગેટસ દૂરના ગામો જેવાં કે જામનગર, રાજકોટ, ભૂજ, માંડવી, મહેસાણા વિગેરેથી રાતના જ આવી ગયેલા. આ બધા માટે રાત્રી ઉતારાની વ્યવસ્થા કરવી એ એક ભગીરથ

ચેલેન્જ કહેવાય. તે માટે આજુબાજુ ગામો-ચોટીલા, લીંબડી વિગેરેની મદદ લેવાઈ અને ચમત્કાર કરી દીધો. મને પણ પ્રતિષ્ઠિત હોટેલ 'શીવ'માં ઉતારો આપવામાં આવ્યો.

સવારે ૯ વાગ્યે મંગળભુવન ખાતે સૌરાષ્ટ્ર કચ્છ અને ગુજરાતના ગામેગામના સેન્ટરોમાંથી ડેલીગેટસનો પ્રવાહ ઠલવાતો ગયો. દશ વાગ્યા સુધીમાં તો ૬૩ સેન્ટરોના ૨૩૬૦ સભ્યોનું રજીસ્ટ્રેશન નોંધવામાં આવ્યું. શુધ્ધ કાઠીયાવાડી છાપ પ્રખ્યાત નવકારશી કરી. ત્યાં તો ઢોલ નગારા શહણાઈ ગુંજી ઉઠી જેજેસી સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી રમેશ મોરબિયા તથા ચેરીટેબલ ટ્રસ્ટના ચૅરમૅન શ્રી કિશોર શાહ તેમની ટીમ સાથે આવી પહોંચ્યા. સાથે સાથે દરેક સેન્ટરના પ્રમુખ-સેક્રેટરી તથા કારોબારી ટીમ ઉલ્લાસભેર નાચતી નાચતી આવી ત્યારે કુમારીકાઓએ કુમુકમ તિલક કર્યા અને હાજર રહેલા સર્વે ઝૂમી ઉઠયા. દરમ્યાન મુંબઈથી ઉડીને આવનારા શ્રી જિતુભાઈ કોઠારી સે. બોર્ડના અન્ય પદાધિકારીઓ પણ આવી પહોંચ્યા.

સૌથી પ્રથમ ચૅરમૅનના હસ્તે, સવા ટ્રસ્ટે બનાવેલ પંથકના લોકોના હિતાર્થે ચલતી ફિરતી હૉસ્પિટલ **On the Wheel**નું લોકાર્પણ શ્રી નિતીન સંઘવી તથા રમેશ મોરબિયાના હસ્તે કરવામાં આવ્યુ અને બાદમાં વિશાળ સમીયાણામાં બનાવેલા બીજના ચંદ્રના આકારના વિશાળ સ્ટેજ ઉપર સે. બો. અને ચૅરીટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓ તથા મુખ્ય મહેમાન વિધાન સભ્ય શ્રીમતી વર્ષાબેને સ્થાન ગ્રહણ કર્યું અને માદક ઉલ્લાસ વ્યાપી ગયો.

....અને સમય સારણી મુજબ કાર્યક્રમનો પ્રવાહ ચાલુ થયો. નવકારમંત્રથી શરૂઆત કરી ફેલોશીપ-સહોદરીનો પ્રકાશ ફેલાવતા મંગળ દીવડો, ચૅરમૅન તથા મહેમાનોએ પ્રગટાવી કાર્યક્રમની હારમાળાની શરૂઆત થઈ.

(૧) સુરેન્દ્રનગરના પ્રમુખ શ્રી દ્વિજેશ શાહે તેમની જોશીલી શૈલીમાં આવકાર આપ્યો.

(૨) પ્રોજેક્ટ ચૅરમૅન શ્રી દિનેશ શાહે સ્નેહ સેતુનો હેતુ સાથે જેજેસીની વિવિધ પ્રવૃત્તિ વિશે વિસ્તારમાં સમજાવ્યુ.

(૩) બન્ને ચૅરમૅન શ્રી એ ઉદ્‌બોધન કર્યું અને આનંદ વ્યક્ત કર્યો.

(૪) સુરેન્દ્રનગર જેજેસીના બાળકોએ પોતે તૈયાર કરેલો સાંસ્કૃતિક કાર્યક્રમ અર્થપૂર્ણ ગીતો અને ડાન્સ દ્વારા રજૂ કર્યો જેમાં તેમની મમ્મીઓએ પણ ભાગ લઈ આશ્ચર્ય સર્જી દીધુ કારણ આ કાર્યક્રમ મુંબઈના પ્રોફેશનલ કાર્યક્રમથી જરા પણ ઉતરતો ન હતો!

બાળકોએ ખૂબજ **Appriciation** ઈનામ મેળવ્યા. મંચસ્થ મહેમાનોનું બહુમાન કરવાનો, નિયત સમયમાં દરેક મહેમાન સેન્ટરના પ્રમુખો દ્વારા આ કાર્યક્રમ સંપન્ન થયો. આ **Celebration**ની સફળતાના ભાગીદાર એવા સુ.નગરની કારોબારી ટીમના સર્વે યજમાન સભ્યોનું ઉલટભેર બહુમાન ઉચીત રીતે કરવામાં આવ્યુ.

કાર્યક્રમનું સંચાલન કર્યું સુરેન્દ્રનગરના સપૂત સાક્ષર-કવિ લેખક અને ડીડોનું ઉપનામ ધરાવતા શ્રી દીલીપ શાહે. હળવી શૈલીમાં કાર્યક્રમની દરેક ખાલી જગ્યામાં તેમની મારકણી કોમેન્ટ આવે અને પૂરૂ ઓડીયન્સ ખડખડાટ હસી પડે જેથી ''ગંભીર માહોલમાં હાસ્યના છીંડા'' થી સમય તરતો થઈ ગયો.

મને ચાર મીનીટ માટે મંચ ઉપર જવાનો મોકો મળ્યો તો જોયું કે નીચે કાળા માથાનું (મહાસાગર નહી કહું કારણ કે મેં આવી રીતે ૨૦-૨૦ હજાર માણસોનો મહાસાગર જોયો છે) સરોવર હેલે ચડેલુ છે. **Celebration**ના મેચીંગમાં પરિધાન કરેલા વસ્ત્રોથી શોભતા ૨૫૦૦ જેટલા ભાઈઓ બહેનો બાળકો શિસ્તમય રીતે વિશાળ મંડપમાં એકચિત્તે બેઠેલા જોઈને લાગે કે ''વાહ!જેજેસીની સંસ્કૃતિ!''

સુરેન્દ્ર નગરની કાઠીયાવાડી મહેમાનગતીની શાખ પુરતુ જમવાનું વિશાળ હૉલમાં મર્યાદીત સમયમાં પૂરૂ થયું. ''જેટલુ જોઈએ તેટલુ લ્યો અને એઠુ ન મૂકો'' ની વારંવાર જાહેરાતને બધા જ સભ્યોએ માન આપ્યુ અને રસોઈનો બિલકુલ બિનજરૂરી વ્યય ન થયો તેની નોંધ તો મારે લેવી જ પડી.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં મુબઈથી મહેન્દ્ર શાહે આણેલ પ્રશાંત રાવ આણી મંડળીએ સૌ ને આનંદીત કરી દીધા. સૌના દીલ જીતી લીધા અને કાર્યક્રમને યથાર્થ કરી મુક્યો.

આ કાર્યક્રમ ચાલતો હતો તે દરમ્યાન કમ્પાઉન્ડમાં એક ઝાડના શિતળ છાંયડે સુરેન્દ્ર નગર જેજેસીના તરવરીયા પ્રમુખ અને સુરેન્દ્રનગર જેજેસીએ સેન્ટ્રલ બોર્ડને ભેટ ધરેલ દ્વિજેષ શાહ સુરેન્દ્રનગર લોકલ ન્યુઝપેપર, વિગેરેના પ્રતિનિધીઓ ઘેરી વળ્યા અને પ્રશ્નોનો મારો ચલાવ્યો 'જાગૃતિ સંદેશ' પણ તેમાંથી બાકાત કેમ રહે?

જા.સ.ઃ સર, સ્નેહ સેતુનો અર્થ સમજાવશો.

દ્વિજેષ : સ્નેહ સેતુનું વિસ્તાર કરીએ તો જેજેસીના પારિવારિક સભ્યો વચ્ચે અરસ પરસ સ્નેહના કાચા તાંતણે બનેલો સેતુ

જેજેસીના દરેક સભ્યો પછી તે કોલકાટા રહેતો હોય

કે કોઈમ્બટોર, જેતપુર રહેતો હોય કે ઉદયપુર, બધા ને સ્નેહના તાંતણે બાંધવાનો નમ્ર પ્રયાસ.

જા.સં. : કેટલો ખર્ચ કરી નાખ્યો?

દ્વિજેષ : ખર્ચનો આંકડો તો હવે નીકળશે પણ આ Celebrationમાં કાંઈ ખામી ન રહી જાય તેની તકેદારી અમે રાખી છે. અમારા સેન્ટરોએ અમને બહુ જ સહકાર આપ્યો છે. જેમ કોઈને ત્યાં લગ્નમાં, યજમાનને ખર્ચામાં રાહત મળે તે માટે સગા સ્નેહીઓ ચાલ્લો કરે (આ પ્રથા એટલા માટે જ અસ્તીત્વમાં આવી હશે.) તે રીતે સૌ એ એડ સ્વરૂપે સોવેનીયરમાં જાહેર ખબર આપીને અમારા કાર્યને હળવું બનાવવા કોશીશ કરી છે. બાકી તો તમે જોયુ આ વિશાળ સંકુલ, ખુલ્લી જગ્યા, વિશાલ હોલ. અમે જો સામાજિક કાર્ય માટે આ હોલ રાખીયે તો તેના ટ્રસ્ટી અમારી પાસેથી એક પૈસો ય ભાડુ લેતા નથી. અરે ખુરશી અને રસોઈના સાધનો પણ આપે છે. છે તમારા રાજકોટ અમદાવાદ, વડોદરા મુંબઈમાં આવી સગવડતા! અમે એટલે તો આવો મહાકાય કાર્યક્રમ કરી શકીએ છીએ. રાતના જ ૮૦૦ સભ્યો આવી ગયા' તેઓ જ્યારે ઉતારે થાક્યા પાક્યા પહોંચ્યા ત્યારે ગાદલા પણ પાથરીને, ધોયેલી બેડશીટ, અને ચાદર સાથે તૈયાર હતા. પૂછી જુઓ એ બધાને. આજુબાજુના ગામના લોકો સાથે અમારે એવા મૈત્રી પૂર્ણ સંબંધો છે એટલે અમને આકરૂ નથી પડતુ.

જા.સ. : સ્નેહ સેતુની ફળશ્રુતિ?

દ્વિજેષ : તમે તો જમાનાના ખાધેલ છે. ગામે ગામ, જતા હશો. અહી આવેલા સભ્યોના ચહેરા ઉપર તમે નજર નાખી! કેવા આનંદથી છલકાતા હતા. આટલા બધા પારિવારિક સભ્યોને મળવાનો કેટલો સંતોષ મોઢા ઉપર દેખાતો હતો! આપણે આવડી મહાન સંસ્થાના પરિવાર સભ્યો છીએ તેવું જાણી કેટલું પોરસાતા હતા! આમ આટલા બધાને એક સાથે મળવાનો મોકો ક્યારે મળે? અને એક બીજી વાત કહી દઉ. લગ્ન તો બે મા'ણા ફેરા ફરીલે કે રજીસ્ટ્રારની ઓફીસે જઈ સહી કરી આવે તોય થાય. પણ આપણે આટલા બધા સગા સ્નેહીઓ મિત્રોને કેમ બોલાવીયે છીએ? આપણા સંબંધો તરોતાની થાય, સામૂહિક રીતે આનંદ કરીએ એટલા માટે જ ને!

એ ખર્ચો એ દુર્વ્યય નથી હોતો. આવું ન કરીએ ને તો આપણા સંબંધોમાં ભીનાશ નહી રહે ડ્રાય થઈ જશે. આપણે ટોટલી કોમર્શ્યલાઈઝડ થઈ જશુ. અમેરીકા યુરોપ જેવું આપણી હાલત થઈ જશે. આપણે બધાથી અલિપ્ત થઈ જશુ. એટલે જ ખર્ચો કરીને પણ બધા ભેગા થઈએ છીએ અને લગ્નની ઉજવણી કરીએ છીએ. આવા ખર્ચાઓનું **Social Gain** અદષ્યપણે **Indirectly** ઘણું હોય છે.

હજી પરિષદ ચાલુ હતી પણ બુમ પડીઃ સૌરાષ્ટ્ર જનતાવાળા પોતપોતાના લંચ બોક્ષ લઈને જલ્દી સ્ટેશન પહોંચો. ગાડીનો ટાઈમ થઈ ગયો છે.

અડધી આંખે દેખ્યો અહેવાલ : આર્મેશકુમાર જૈન

---

**મિત્રો, આપણા જેજેસી પરિવારના નીચે મુજબના સેન્ટરના બર્થ-ડે – ચાર્ટર-ડે માર્ચ મહિના દરમિયાન આવે છે. આપણે બધા એ સેન્ટરોને તેમના પ્રમુખ / સેક્રેટરીના મોબાઈલ ઉપર અભિનંદન આપીયે!**

| | | | | | |
|---|---|---|---|---|---|
| J.J.C. JAMNAGAR | 04-04-1999 | RASIKBHAI | 98254 92224 | SHAILESHBHAI | 94280 74899 |
| J.J.C. HALWAD | 04-04-1999 | ANILBHAI | 98252 24850 | ASHOKBHAI | 260 253 |
| J.J.C. SURAT | 04-05-1997 | RONAKBHAI | 93771 12922 | JAYESHBHAI | 2478 8196 |
| J.J.C. PUNE MAIN | 04-08-2007 | PANKAJBHAI | 93733 34381 | TUSHARBHAI | 98230 17911 |
| J.J.C. BEACH SIDE | 04-14-2005 | SHAILESHBHAI | 98210 40426 | UDAYBHAI | 98200 13861 |
| J.J.C. SURYAPYUR-SURAT | 19-04-1997 | ASHISHBHAI | 93747 07205 | S. K. SHETH | 9374 716205 |
| J.J.C. SAYAJI NAGARI VADODARA | 22-04-2001 | DIVYANGBHAI | 94273 13113 | MILANBHAI | 93762 30377 |
| J.J.C. BOMBAY DOWN TOWN | 26-04-1998 | MUKESHBHAI | 98920 48785 | DHIRENBHAI | 93226 18916 |
| J.J.C. GHATKOPAR | 26-04-1980 | JAYENDRABHAI | 98690 00028 | PANKAJBHAI | 98210 33076 |
| J.J.C. NAKHTRANA | 27-04-2003 | KAMLESHBHAI | 98792 76654 | HARESHBHAI | 99094 39716 |
| J.J.C. MADHAPAR | 27-04-2003 | VINESHBHAI | 98257 30334 | MAHESHBHAI | 94279 76195 |

# પરમ કલ્યાણ મંત્ર-ૐ-ઓમકાર મંત્ર

■ ડૉ. આરતી નલિન વોરા

મંત્ર એટલે મનન, વિજ્ઞાન, વિદ્યા અને જ્ઞાન. શાસ્ત્રોક્ત અર્થ પ્રમાણે જેનું મનન કરવાથી રક્ષણ થાય એ મંત્ર કહેવાય. મંત્ર વર્ણ (અક્ષરો)નો બનેલો હોય છે. મંત્રો બોલવાથી આંદોલન ઊભાં થાય છે. એમાંથી જે આકૃતિ બને તેને યંત્ર કહે છે. મંત્રોનો અર્થ અને રહસ્ય સમજાવતાં શાસ્ત્રને તંત્ર કહે છે. આપણે ત્યાં અનેક દેવ-દેવીના મંત્રો છે. ગાયત્રી મંત્ર, સૂર્ય મંત્ર અને જૈનોનો નવકાર મંત્ર મહામંત્ર તરીકે ઓળખાય છે.

શબ્દો અથવા અક્ષરોના સમૂહને મંત્ર કહેવાય છે. મંત્ર દિવ્યશક્તિની કુંચી (ચાવી) છે. મંત્રનો અભિપ્રાય મનનથી છે જેનું વારંવાર ચિંતન કરવામાં આવે છે. થોડા વીણીચૂણીને લીધેલા વિશિષ્ટ અર્થવાળા શબ્દોના સંયોગથી બનેલું વાક્ય જ મંત્ર કહેવાય છે. જેનું મન સાથે ધ્વનિનું ઘર્ષણ થવાથી દિવ્ય જ્યોતિ પ્રગટે છે. મંત્રનું મનન, સ્વરગુંજન અને લયબદ્ધ ઉચ્ચારણ વારંવાર કરવા વડે જ શક્તિકેન્દ્રોનું જાગરણ થાય છે અને તે સાથે જ ઊર્જા (શક્તિ)નું સર્જન થાય છે. તેથી મંત્રને અલૌકિક શક્તિનો પુંજ કહ્યો છે. ગૂઢ અર્થવાળા બીજાક્ષર જેના મનનથી આત્મજ્ઞાન થાય છે એ શબ્દોના સંયોગને મંત્ર કહેવાય છે. મંત્ર આત્મા અને પરમાત્માને જોડવાનો ઉત્કૃષ્ટ ઉપાય છે. ટૂંકમાં કહીએ તો મંત્ર એ કૅપ્સ્યુલ જેવો છે. જેમ કૅપ્સ્યુલમાં રહેલી દવા ઓછા પ્રમાણમાં હોવા છતાં વધુ અસરકારક હોય છે તેવું જ મંત્રનું છે. મંત્ર નાનો હોય છે, પણ તેની અસર પ્રબળ હોય છે.

મંત્ર એક કે એકથી વધુ અક્ષરો અથવા વાક્ય સ્વરૂપે પણ હોઈ શકે છે. અત્રે આપણે એકાક્ષરી મંત્ર ૐ વિશે જોઈએ.

ૐ સર્વશક્તિમાન પરમાત્માનો વાચક છે જે આત્મશુદ્ધિ માટે એક વિશેષ મંત્ર છે. આ મંત્ર પરમ કલ્યાણકારી છે. આમ જોવા જઈએ તો આ અક્ષરનો કોઈ અર્થ નથી, તેનું કોઈ સ્વરૂપ કે આકૃતિ પણ નથી. વર્ણમાલામાં પણ ૐ શબ્દ કોઈ જગ્યાએ સ્થાન પામતો નથી. ૐ તો ફક્ત એક ધ્વનિ સ્વરૂપ જ છે જે સાધક માટે આત્મા-પરમાત્માનું જોડાણ કરનાર છે. તેમ છતાં પણ ૐ શબ્દમાં પૂરી દુનિયાના મંત્રો સમાયેલા છે અને તેનો મહિમા અપરંપાર છે.

ૐ શબ્દમાં ત્રણ અક્ષરોનો સમાવેશ થાય છે. અ, ઉ અને મ. અઢી અક્ષરનો આ શબ્દ મંત્રોનો રાજા છે.

નવકારમંત્રમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવે છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચનો પંચપરમેષ્ઠિમાં સમાવેશ થાય છે. એ પાંચેયનો પ્રથમ એકએક અક્ષર લેતાં 'અસિઆઉસા' એવું મહત્ ભૂત વાક્ય નીકળે છે, જેનું ૐ એવું યોગબિંદુનું સ્વરૂપ થાય છે. તેથી ૐમાં પંચપરમેષ્ઠિનો સમાવેશ થઈ જાય છે. પંચપરમેષ્ઠિ સ્વરૂપને બીજી રીતે જોઈએ તો અરિહંત = અ, અશરીરી સિદ્ધ = અ, આચાર્ય = આ, ઉપાધ્યાય = ઉ અને મુનિ કે સાધુ = મ આને 'અઅઆઉમ' એમ પાંચ અક્ષરના સંયોજનથી ૐ સ્વરૂપ પ્રણવાક્ષરનું સ્વરૂપ બને છે જે પંચપરમેષ્ઠિના સ્થાનને સૂચવે છે. આમ ૐ એ નવકાર મંત્રના સાર સાવરૂપ છે.

'અ'નો અર્થ અધોલોક, 'ઉ' નો અર્થ ઊર્ધ્વલોક અને 'મ'નો અર્થ મધ્યલોક. આમ ૐના ગર્ભમાં ત્રણે લોકનો સમાસ થઈ જાય છે.

ૐકારનો અર્થ છે નાદ, કંઠ, તાળવું, જીભ, હોઠ આદિમાં કોઈ પણ પ્રકારની ક્રિયા અથવા કંપન ઉત્પન્ન કર્યા વગર ઉત્પન્ન થતો સામાન્ય ધ્વનિ. જેના ઉચ્ચારણ વખતે શ્વાસોશ્વાસની ક્રિયા અને શ્વાસ રોકવાની ક્રિયા કરવાથી એક પ્રકારનો વ્યાયામ થઈ શકે છે.

'અ'નો અર્થ અનુસ્યુતિ કેમ કે 'ક-ખ' આદિ શબ્દોમાં 'અ' અનુસ્યુત (અધ્યાર) રહે છે. 'ઉ'નો અર્થ ઉત્પાદ અને 'મ'નો અર્થ વિરામ એટલે નાશ અથવા વ્યય. આમ ઉત્પાદ-વ્યય તથા આ બંનેનું અનુસ્યુત (અધ્યાર) ધ્રૌવ્ય ત્રણે એકીસાથે રહેલા છે. આમ ઉત્પાદવ્યય ધ્રૌવ્યનો સિદ્ધાંત જૈન ધર્મમાં પરમ સત્ કહેવાય છે તેનો સમાવેશ એકાક્ષરી મંત્ર ૐમાં થઈ જાય છે.

"Om is the voice of silence." ઓમ એ અગાધ સામ્રાજ્યમાંથી આવતો સુંદર-મનોહર સૂર ધ્વનિ છે. જે કોઈ આ સૂરને ભજે છે તે પરમશાંતિ પ્રાપ્ત કરે છે.

ૐકાર સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ આ ત્રણેના નામ સૂચકપદ કહેવાય છે. ૐકારનો મહિમા અપાર છે. જે જીવાત્મા આ પદનું સ્મરણ-ચિંતન-મનન કરે છે તે બ્રહ્મસ્વરૂપ બની શકે છે.

ૐકારના ઉચ્ચારણથી વાતાવરણમાં અદ્ભુત પરિવર્તન થાય છે. સ્થિરતાપૂર્વક ૐનાદ કરવાથી વાતાવરણ વધુ શુદ્ધ-પવિત્ર-તેજસ્વી બને છે. વિચારોમાં પરિવર્તન લાવી આત્માને ઉચ્ચ સ્થાને પહોંચાડી શકે છે.

ૐ ધ્યાનમાં મગ્ન રહેવાથી જીવન મધુર બને છે અને આત્માની પ્રચંડ શક્તિનો પરિચય થઈ શકે છે. જીવનના સાચા આનંદનો અનુભવ થઈ શકે છે.

ૐનો મધુર ઉચ્ચાર અપૂર્વ ચૈતન્યથી સભર છે. અકલ્પનીય ગુપ્ત શક્તિનો ભંડાર છે. દૈવી ઋદ્ધિ-સિદ્ધિના દરવાજા ખોલવાની કુંચી છે.

ૐકારના ઉચ્ચારણથી મન સ્થિર થાય છે. વિચાર અને મનોભાવ સમતોલ બને છે. આત્મા સ્થિરતા અને શાંતિ પ્રાપ્ત કરે છે. અંતરનાં દુઃખ, રોગ, દુષ્ટ વિચાર, સાંસારિક ચિંતા, આધિ-વ્યાધિ-ઉપાધિઓ દૂર થાય છે.

ૐકાર એ તારક મંત્ર છે. એમાં એવી પરમશક્તિ છે કે તેના ઉચ્ચારણથી અકલ્પનીય અને આશ્ચર્યજનક પરિણામની પ્રાપ્તિ થાય છે, જે શ્રદ્ધા, તપશ્ચર્યા અને સાધનાના ફળસ્વરૂપે પ્રાપ્ત થઈ શકે છે.

ૐકાર અમૃત જળસ્વરૂપ છે, જે અંધકાર, અપ્રેમ, દુઃખ, વિકાર, વાસનાને દૂર કરી અંતરમાં અસીમ શાંતિનું સામ્રાજય સ્થાપિત કરે છે. ૐકાર સુખ-શાંતિના ખજાના સ્વરૂપ છે. તેથી ગમે ત્યારે ગમે ત્યાં તેનું રટણ કરતા રહેવું.

આપણા સ્મૃતિપટ પર ૐ મૂર્તિ સ્વરૂપે સ્થાપિત કરી રાખવું. તેનાં દર્શન અંતરને ઓજસ્વી બનાવે છે. કાનથી ઓમકાર મંત્ર સાંભળવાથી રોમરોમમાં મધુર સંગીત છવાઈ જાય છે. ૐનું ઉચ્ચારણ તન-મનથી ઓતપ્રોત થઈને કરવાથી તેનો પ્રભાવ રગેરગમાં પ્રસરી જાય છે. જાણે આપણું સમગ્ર ચૈતન્ય ઉજાગર થઈ જાય છે અને આપણે માનવત્વથી દેવત્વ તરફ આગળ વધતા જઈએ છીએ તેવું લાગે છે.

ૐકારનું સ્મરણ કરવાથી હર પળ હૃદયમાં સુંદર અને શક્તિશાળી વિચારોના તરંગ ઊઠે છે અને વિચારોમાં પ્રબળ શક્તિનો સંચાર થાય છે. આ શક્તિ એવી પ્રચંડ હોય છે કે તેનાથી ત્રિભુવન અને ચૌદ રાજલોકમાં કંપન અનુભવી શકાય છે. તેનો વેગ વીજળી કે પ્રકાશની ગતિને પણ પાછળ મૂકી શકે છે.

ૐકારનું નિત્ય સ્મરણ કરવાથી જાણે આપણી આજુબાજુ એક પ્રકારનો મજબૂત કિલ્લો તૈયાર થઈ જાય છે, કારણકે ઓમકારના જાપથી વ્યક્તિમાં મૂળભૂત રીતે ધરખમ ફેરફાર થાય છે અને હૃદયમાં અદ્‌ભુત શક્તિનો સંચાર થઈ જાય છે. અંતર ઉજ્જવળ, પવિત્ર અને નિર્ભય બની જાય છે. ચહેરા પર એક અલૌકિક આભા ઊભરાય છે અને આંખો તેજસ્વી દેખાવા લાગે છે. આપણી આસપાસ આકર્ષણનું સામ્રાજ્ય પ્રસરી જવાથી કોઈ આ કિલ્લાની અંદર પ્રવેશી શકતું નથી.

ૐકારના જાપથી મનમાં પ્રેમનું સામ્રાજ્ય છવાઈ જાય છે. પ્રેમ સામે દુશ્મન કે અશાંતિની શી વિસાત! પ્રેમ સામે જેમ બધા નમી પડે છે તેમ પૃથ્વીના અણુ-પરમાણુ પણ આપણી આજ્ઞાનો વિરોધ કરી શકતા નથી. ૐકારના જાપથી મનમાં પ્રેમ અને શાંતિ છવાઈ જાય છે, તેથી ભય, વ્યગ્રતા, નિર્બળતા જેવા કુસંસ્કાર મગજમાંથી દૂર થઈ જાય છે, તેથી ભય, વ્યગ્રતા, નિર્બળતા જેવા કુસંસ્કાર મગજમાંથી દૂર થઈ જાય છે અને તેની સામે પ્રેમ, પ્રભુતા, પ્રબળતા, નીડરતા અને મધુરતા જેવા સંસ્કાર સ્થાપિત થઈ શકે છે, જેના ફળસ્વરૂપે ધીમેધીમે આધ્યાત્મિક મનનો વિકાસ થવા લાગે છે.

ૐ આરાધક વિકાસ માર્ગ પર ડગલાં ભરવાં લાગે છે. તેનું મન પવિત્ર ભાવનાઓથી છલકાઈ ઊઠે છે. મનની સમતા, પ્રસન્નતા અને સમતોલવૃત્તિ હોવાથી માનસિક સ્થિતિ શાંતિપૂર્ણ બની જાય છે.

ૐના સતત સ્મરણથી મનુષ્ય ધીમે ધીમે ગંભીર, આનંદમય, શાંત અને નિર્વિકલ્પ બની શકે છે. ૐના ધ્યાનમાં મગ્ન થવાથી મનુષ્યને વિશ્વદર્શન અને આત્મદર્શનની પ્રાપ્તિ થઈ શકે છે.

ૐ નામના સાધનથી આત્મા પરમાત્મા બનવાના પથ પર આગળ વધી શકે છે. ૐને પ્રણવ કહેવાય છે. ૐ કોઈ વિશેષ ભાષા કે વિશેષ ધર્મનો શબ્દ નથી. દરેક ધર્મના લોકો ૐને પવિત્ર મંત્ર સ્વરૂપે માને છે. દરેકના ઉચ્ચારણમાં કદાચ થોડોઘણો ફેરફાર હોય તેમ છતાં ભાવ કે ભૂમિકામાં ફેરફાર હોતો નથી. કોઈ પણ જાતિ કે ધર્મના લોકો કોઈ ને કોઈ રીતે ૐકારનું ધ્યાન ધરતા હોય છે. તેને નમન કરે છે. આમ ઓમ એ દિવ્યતાનું કે ઉત્તમ વિચારનું પ્રતીક છે. ૐકાર એ પરમમંત્ર છે. દરેક નાના-મોટા મંત્રમાં એ મેરૂ સમાન છે અને પરમાત્માનું સાચું સ્વરૂપ છે. ૐ OM is the essence of everything. ૐ એ પરમશક્તિ સાથે એકત્વ સાધવાનું દિવ્યતત્ત્વ છે અને વિશ્વવ્યાપી જ્ઞાનનું કુદરતી સ્વરૂપ છે. આ મંત્રના જાપથી અઘટિત ઘટિત, દુર્લભ સુલભ અને અસંભવ સંભવ બની શકે છે.

ૐકારમાં ભૂતકાળ-વર્તમાનકાળ-ભવિષ્યકાળ એમ ત્રણે કાળનું ઊર્ધ્વ અધોમધ્ય એ ત્રણે લોક, જાગૃત-સ્વપ્ન-સુષુપ્ત એ ત્રણે અવસ્થાઓ, સકળ શ્રુતજ્ઞાન, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આ ત્રણે સ્વભાવ આ બધું જ બીજરૂપે સમાયેલું છે. એવા કોઈ પણ વિષય નથી જે તેના ગર્ભમાં ન સમાયેલા હોય. ૐકારમય બનવું તે માનવજીવનની પરમોત્કૃષ્ટ સિદ્ધિ છે અને સુખશાંતિનું પરમધામ છે. ૐકારની સાધના કરનાર સાધક સ્વયં જ્યોતિસ્વરૂપ બની જાય છે.

નિશ્ચયનયની દૃષ્ટિએ ૐકારનો અર્થ પોતાનો શુદ્ધ આત્મા છે અને વ્યવહારનયની દૃષ્ટિએ તે ભગવાનના દિવ્ય ધ્વનિ સ્વરૂપ છે.

# સંગીત એક સ્વરાનુભૂતિ

એમ કહેવાય છે કે શબ્દની હદ જ્યાં પૂરી થાય છે ત્યાંથી સંગીતનો પ્રારંભ થાય છે – When words leaves off music begins. Music is soul language. સંગીત જીવનમાં ઉમંગ અને ઉલ્લાસ ભરે છે. સંગીતમાં હૃદયથી વિચારવાનું અને બુદ્ધિથી અનુભવવાનું હોય છે. Music is shorthand of emotions, એ લાગણીની મિતાક્ષરી છે. એક જ્ઞાની માણસે કહ્યું છે કે, જે માણસમાં સંગીત ન હોય કે સંગીત માટે પ્રેમ ન હોય તેને કદી મિત્ર બનાવતા નહીં, કારણકે સંગીતમાં જેમ સપ્ત સૂરોનો આનંદ હોય છે તેમ જીવનમાં પણ સંસ્કાર સાથે સંવાદ સાધવાનો હોય છે. જે કોરસમાં ગાઈ શકે છે એનો સંસાર કદી દુઃખી ન થાય, કારણકે જે અન્ય સાથે સૂરમેળ સાધી શકે તે જ કોરસમાં ગાઈ શકે.

આ લેખમાં આપણે ઘણું કરીને ૧૯૪૦થી ૧૯૫૦ના ફિલ્મજગતના સંગીતની ચર્ચા કરીશું. એ ગાળામાં વાજિંત્રોનો ધમધમાટ નહોતો. ઈલેક્ટ્રોનિક્સ લાઈટ્સનો આંજી નાખતો પ્રકાશ નહોતો, બધે જ સૌમ્યતા હતી, વાયોલીન અને બાંસુરીથી જ ગીતોની તરજ બનતી. એ સંગીતમાં એક પ્રકારની મુલાયમતા, ઋજુતા અને નજાકતતા હતાં. એનો ધ્વનિ આપણા કાનમાં ઘર કરી જતો. આ ગીતો સાંભળતાં આપણે તાલ પુરાવ્યા વિના રહી શકતા નહીં. આ દર્દીલાં ગીતોમાં શબ્દો સાથે, ગીતોના સ્વર સાથે ઘંટીનાં બે પડ વચ્ચે જેમ દાણા પિસાતા હોય એમ હૈયું પિસાતું હોય તેમ લાગે છે અને ત્યારે જ તો આ ગીતોમાં પ્રાણ આવે છે અને ઘણી વાર આવું સંગીત સાંભળવું જીવનની ઉજવણી થઈ જતું હોય છે.

એ સમયનો બેતાજ બાદશાહ એટલે – સાયગલ. જાણે લોહી સાથે અસ્તિત્વમાં એનો અવાજ વણાઈ ગયો હોય તેમ લાગે. હું કેમ પાગલ થયો? એ બે આંખોમાં શું જાદુ હતો, કેમ બતાવું, એ તો માત્ર ગાઈને જ કહી શકાય. ''મૈં ક્યા જાનુ ક્યા જાદુ હૈ...? નિરાશાની ક્ષણોમાં માણસ પ્રારબ્ધને પૂછી બેસે છે કે, ''મારો શો અપરાધ, મારો શો ગુનો, આ સજા મને અને મને એકલાને જ શા માટે? અને સાયગલે તેને વાચા આપી ''અઈ કાતિલે તકદીર...''. એ જ આક્રોશને લઈને આવતું બીજું ગીત, ''કહું ક્યા આશ નિરાશ ભઈ...'' અથવા તો ''દુઃખ કે પલ અબ બિતત નાહી...''. પોતાની રાજકુમારીને લઈને સ્વપ્નલોકમાં લઈ જવાનું કોને ન ગમે? ''સો જા રાજકુમારી...'' અને ભૈરવીનો ''બાબુલ મોરા''નો સૂર તો બધાને જ ઘાયલ કરે તેવો છે.

એ જમાનાના બીજા પ્રસિદ્ધ ગાયક પંકજ મલ્લિકનું ''ગુજર ગયા વો જમાના'' ક્યારેય નહીં ભુલાય. જે માનવીની એકલતાને વાચા આપે છે જ્યારે બધા જ આધાર છૂટી કે છટકી ગયા છે ત્યારે. પ્રેમીઓ મળે ત્યારે હંમેશાં એકબીજાને કહેતા હોય છે, ''તું ભૂલી ન જતો આ સ્થળ, આપણું આ બે જણનું.'' જીવનમાં એ ક્ષણો કેવી મધુરતાથી ક્યારેક દર્દ થઈને જડાઈ જતી હોય છે. જે પંકજ મલ્લિકના અથવા તો કદાચ જગમોહનના ગીતમાં છે, ''હમે ભૂલ જાના ઈન્હેં ના ભુલાના''. આ સંગીત આપણી મુગ્ધાવસ્થાની વીતી ગયેલી ક્ષણોને પાછી આપે છે, કારણકે ઘણુંબધું ભુલાઈ જાય છે, પણ શાશ્વત સાથે જોડાયેલી આવી ક્ષણ ભુલાતી નથી.

વિખ્યાત મરાઠી લેખક પુ. લ. દેશપાંડેએ એક જગ્યાએ કહેલું કે, મેં જ્યારે બેગમ અખ્તરને સાંભળેલાં અને તેની એક ગઝલ...

''અય મુહબ્બત તેરે અંજામ પે રોના આયા
જાને ક્યું આજ તેરે નામ પે રોના આયા''

રાત્રે સૂતો ત્યારે યાદ કરતો હતો, ત્યારે મેં એ અવાજના જાદુથી આખી રાત મારા ઓશિકાને ભીનું કરેલું, કારણકે ગુણવંત શાહની ભાષામાં વીંધાઈ ગયેલા હૈયામાંથી ઊતરી આવેલા દર્દનાં ગાતાં ઝરણાં એટલે આવી ગઝલ અને સ્વરનો જાદુ અને એ ગઝલ એમ ને એમ નહોતી આવી, બેગમ અખ્તરનો સૂર પહેરીને, ઓઢીને આવેલી. ઘણા સૂરોના માલિક શબ્દોને શાશ્વતીનું વરદાન આપતા હોય છે. આ બધા ગાયક અને સંગીત જુદા પાડી જ ન શકાય, કારણકે આ લોકો જ ખુદ ultimate સંગીત બની જતા હોય છે.

એક કાર્યક્રમમાં હેમંતકુમાર અને જ્યુથિકા રેને ખૂબ જ નજીકથી સાંભળ્યાં હતાં. જ્યુથિકા સૂર છેડે અને શબ્દો અને લય પાણીના પ્રવાહની જેમ ખળખળ અસ્ખલિત વહ્યા કરે. એના ગીતના પ્રારંભ અને અંતમાં એક ગજબની શાંતિ. ''જોગી મત જા....' અને એના સૂરની આજીજીથી આંખો રડી પડે. ''ઘૂંઘટ કા પટ ખોલ તોહે પિયા મિલેંગે...'' જ્યુથિકાના સ્વરમાં સાંભળો તો લાગે

ખુદ મીરા જ ગાઈ રહી છે, લાગે જાણે મીરા જ્યુથિકાના સ્વરમાં જીવે છે. આજે પણ આ દૃશ્ય હું આંખ બંધ કરીને જોઈ શકું છે. મારા સદ્‌નસીબે આ પછી ઘણાંબધાં વર્ષે જયારે હું કલાગુર્જરીનો પ્રમુખ હતો ત્યારે નહેરુ સેન્ટરમાં એક જાજરમાન કાર્યક્રમમાં જ્યુથિકા રેનું સન્માન કરેલું જે મારા માટે યાદગાર દિવસ હતો.

જ્યુથિકા રેનું ''જોગી મત જા'' યાદ આવે ત્યારે ગીતા દત્તનું ''સાહબ-બીબી-ઔર ગુલામ''નું ''ન જાઓ સૈયા, પડુ મૈં પૈયાં, કસમ તુમ્હારી મૈં રો પડુંગી'' યાદ આવે, જેમાં ગજબનું દર્દ અને કારુણ્ય છે. એમનું ''સુંદર સપના બીત ગયા'' અને ''વક્તને કિયા ક્યા હસી સિતમ'' સાંભળીએ ત્યારે એમ લાગે કે જાણે એ એના જીવનની કથા ન કહેતી હોય?!

અહીં આ લેખને પૂર્ણવિરામ આપતાં ગીતા અને ગીતોની યાદ સાથે ને દિલમાં કશું તૂટતું લાગે ત્યારે ડાહ્યા માણસોની શિખામણ કે સલાહ ગીતા દત્ત માટે માનવાનું મન થાય કે ''જિંદગીમાં ખૂબ જ સંવેદનશીલ થવું સારું નહીં'', પણ I personally don't believe this, because what is life without emotions? પણ જીંદગી દિમાગથી નહીં, પણ દિલથી જીવવી જોઈએ.

''દિલ ને હમસે જો કહા, હમને ઐસા હી કિયા,
ફિર કભી ફુર્સત મેં સોચેંગે, ભલા થા યા બૂરા.''

અથવા

''કુછ ઔર જમાના કહતા હૈ, કુછ ઔર હૈ જીદ મેરે દિલ કી,
મૈં બાત જમાને કી માનું, યા બાત સુનું અપને દિલ કી.''

જો આપને આ લેખ ગમ્યો હોય તો મારા માટે શ્રમસાફલ્ય.

*લિ. કિરણ શાહ*

# હું નહીં હોઉં ત્યારે આ કામ કોણ કરશે? કેવું કરશે? આમ કદી ના વિચારો....

**આ વાંચીને કોઈએ બંધબેસતી પાઘડી ન પહેરવી.**

નરસિંહ મહેતાનું એક દૃષ્ટાંત છે, 'શકટનો ભાર જેમ શ્વાન તાણે,' 'ગાડા નીચે કૂતરું' કહેવત યાદ છે ને? એક બળદગાડું ચાલતું હતું. ગાડામાં ઘણો સામાન ઠાંસી-ઠાંસીને ભર્યો હતો. સામાન ભરીને ગાડાવાળો ગાડું હાંકીને જઈ રહ્યો હતો. ત્યાં એક કૂતરો આવી ચડયો. આકરો તડકો તપતો હતો એટલે તડકાથી બચવા કૂતરો ગાડા નીચે ઘૂસી ગયો અને એના છાંયડે છાંયડે ચાલવા માંડયો. હવે આ કૂતરાના મનમાં એવું અભિમાન આવી ગયું કે આ ગાડું મારે લીધે ચાલે છે, એને હું ચલાવું છું.

બસ, આ કૂતરા જેવી મૂર્ખતા છે. આ મૂર્ખતા આપણે સૌ કરી રહ્યા છીએ. આપણને લાગે છે કે બધું આપણે ચલાવીએ છીએ. જોકે, તું બધું નથી કરતો, કરનાર કોઈ બીજો છે. અજ્ઞાનને કારણે તે તારી જાતને કરતા માની લીધી છે અને તું અભિમાન કરી રહ્યો છે કે બધું હું ચલાવું છું. આવું જે અભિમાન કરે છે તે વળી પાછી ચિંતા પણ કર્યા કરતો હોય છે કે અરે, હું નહીં હોઉં તો આ બધું કેમ ચાલશે? હું મરી જઈશ ત્યારે આ કામ કરશે કોણ? આવું માનતા હોય એવા લોકોનો હાથ પકડીને એક પ્રયોગ કરવા જેવો છે. એક જગ્યાએ પાણીથી ભરેલી ડોલ રાખવી. તે માણસને કહેવું કે આમાં આંગળી બોળ. જેવી તે આંગળી બોળે કે તરત કહેવું કે આંગળી બહાર કાઢ.

તે આંગળી કાઢી લે એટલે કહેવું કે તે ડોલમાં ભરેલા પાણીમાંથી આંગળી કાઢી લીધી તો પાણીમાં ક્યાંય ખાડો પડયો ખરો? તેને તમે સમજાવજો કે કોઈના વિના કંઈ અટકી નથી પડતું એટલે મારા પછી શું થશે એવું અભિમાન કરશો નહીં. ખાલી જગ્યા ક્યાંય રહેતી જ નથી. તો મારા પછી શું, એનું અભિમાન શું કરવું? એવું પણ બને કે તારો પરિવાર વધારે સુખી થાય. બની પણ શકે કે તું જ એ લોકોનાં સુખ, આનંદ અને સુવિધામાં અડચણ પેદા કરી રહ્યો હોય!

ગમે તેટલું સારું કામ આપણે કરતા હોઈએ, પણ એ ભ્રમમાં ક્યારેય ન રહેવું કે મારા ગયા પછી શું થશે? ક્યાંય ખાડો નથી પડવાનો. પ્રકૃતિની વ્યવસ્થા એવી છે કે ખાલી સ્થાન ભરાઈ જ જવાનું છે.

એટલે જ્યાં સુધી આપણે છીએ ત્યાં સુધી એવી રીતે જીવીએ કે આપણું અસ્તિત્વ, આપણું હોવું સૌ કોઈને માટે આનંદપ્રદ બને, સુખપ્રદ બને અને આપણા માટે પણ આપણું હોવું આનંદ અને સુખપ્રદ બને.

## શ્રદ્ધાંજલિનાં સુમન અર્પણ કરીએ

**જન્મતારીખ**
**૭-૪-૧૯૬૩**



**અરિહંતશરણ**
**શનિવાર**
**તા. ૪-૨-૨૦૧૨**

### અ.સૌ. રૂપલબહેન પ્રકાશભાઈ શાહ

જોરાવરનગર (વણા) નિવાસી, હાલ મલાડ મુંબઈ રહેતા ઝાલાવાડી દેરાવાસી વીસા શ્રીમાળી જૈન સ્વ. ગોવિંદજીભાઈનાં ધર્મપત્ની તા. ૪-૨-૨૦૧૨ના દિવસે અરિહંતશરણ પામ્યા છે.

**જીવન એવું જીવ્યાં કે ભૂલ્યું ભુલાય ના,**
**વિદાય એવી લીધી કે કદી વિસરાય ના**
**આ તો મહેકમાં મળી ગઈ મહેંક, ને તેજમાં ભળી ગયું તેજ.**

ચિ. રૂપલની ધર્મ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા-ભક્તિ કાંઈ અનોખી જ હતી. તેમનો પ્રેમાળ-હેતાળ સ્વભાવ આજે પણ બાળકો યાદ કરે છે. ન બોલતાને બોલતા કરે તેવી તેમની આગવી સૂઝ હતી. કુટુંબ પ્રત્યેની તેમની અપ્રતિમભાવના કેમ વિસરાય ?

પરમકૃપાળુ વિતરાગ પરમાત્મા ચિ. રૂપલના પરમ-પવિત્ર-પાવનકારી આત્માને પરમશાંતિ આપે તેવી પ્રભુપ્રાર્થના.

**સ્વ. ગુણવંતીબહેન ગોવિંદજીભાઈ સકરચંદ શાહ પરિવાર**
**સ્વ. લીલાવંતીબહેન વિનયચંદ્ર છબીલદાસ નારેચાણિયા પરિવાર**

| | |
|---|---|
| જેઠ-જેઠાણી | : જિતેન્દ્રભાઈ ગોવિંદજી તથા કુન્દનબહેન |
| દિયર-દેરાણી | : કિશોરભાઈ ગોવિંદજી તથા પરેશાબહેન |
| નણંદ | : વિમળાબહેન ચંદ્રકાંત શાહ તથા નયનાબેન રમેશભાઈ શાહ |
| ભત્રીજા | : નિમેષભાઈ જિતેન્દ્રભાઈ તથા |
| ભત્રીજાવહુ | : નિલ્પાબહેન શાહ |
| ભત્રીજા-ભત્રીજી | : વૈભવ, ભાવિકા અમિતકુમાર શાહ, વિધિ |
| ભાણેજ-ભાણેજવહુ | : હિમાંશુ તથા બીનીતા |
| ભાણેજ | : ભાવિક-કિન્નરી અલ્પેશકુમાર શાહ<br>આરતી શ્રેણિકકુમાર |
| ભાઈ | : સ્વ. શૈલેશભાઈ સુમનભાઈ નારેચાણિયા |
| બહેનો | : કીર્તિકાબહેન અતુલકુમાર કપાસી<br>દિપીકા મુકુંદરાય મણિયાર<br>બિન્દુ નિલેષભાઈ શાહ<br>સોનલ યોગેશભાઈ શાહ<br>કલ્પ-સ્વયંમ-કેવીન-લબ્ધિ-રિધમ-જૈનમ ત્વીસા |

## ત્વચાદાનથી જીવતદાન

પ્રાણ એ પ્રથમ, સ્નેહ એ બીજી અને સમજણ એ ત્રીજી ઈશ્વર તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે. માનવદેહ એ ઈશ્વરની ઉત્કૃષ્ટ રચના છે અને તેનો સમ્યક્ ઉપયોગ એટલે રક્તદાન - નેત્રદાન - ત્વચાદાન.

મુંબઈની સાયન હૉસ્પિટલમાં દર વર્ષે અંદાજે ૭૦૦ જેટલા દાઝેલા દર્દીઓ આવે છે. આવા દાઝેલાના શરીરમાંથી fluids liquid નીકળી જતાં તેમની રોગપ્રતિકારક શક્તિ શૂન્ય જેવી થઈ જાય છે. આથી તેમના ઘા પર એક નાનુંસરખું પણ જીવાણુ બેસે તો તેઓને Infection લાગી જાય છે, જેના કારણે ૬૫થી ૭૫ ટકા દર્દીઓ મૃત્યુ પામે છે.

આવા સખત રીતે દાઝેલા દર્દીઓને જરૂરી દવા, ડૉક્ટરોની સારસંભાળ કરતાં પણ અદ્‌ભુત સહાય તો કોઈ માનવજીવની ત્વચા એક સક્ષમ કવચનું કામ કરે છે અને સીધું જ જીવતદાન અપાવવામાં મદદરૂપ થાય છે.

જ્યારે તમે ચક્ષુદાન કરવા તૈયાર જ છે તો ત્વચાદાન શું કામ નહીં? ફક્ત સાથળમાંથી જ ત્વચા ખાસ સાધન દ્વારા લેવામાં આવે છે જે દરમિયાન કોઈ લોહી પણ નીકળતું નથી અને તે જગ્યાએ સુંદર રીતે Bandage લગાડી દેવામાં આવતા માનવજીવ પોતાના મનુષ્યભવનું છેલ્લું અનુમોદનીય સત્કાર્ય કરી પંચમહાભૂતમાં ભળે છે.

સન્ડે ફ્રેન્ડસની 'ત્વચાદાન'ની પાંચ વર્ષથી શરૂ કરેલ ઝુંબેશમાં ૧૧મી માર્ચ, ૨૦૧૨ સુધી ૪૨૩ જીવોએ મૃત્યુ પશ્ચાત્ પોતાની ત્વચાનું દાન કરી અનેક દાઝેલા જીવોને માનવજીવન બક્ષી તેના પરિવારજનોને સહાય કરી છે.


કોઈને ત્વચાનું દાન કરવા માટે અમારી ટીમને બોલાવવી હોય/વધુ માહિતી જોઈતી હોય તો નિમ્નલિખિત નંબરો પર સન્ડે ફ્રેન્ડસના મેમ્બરોનો સંપર્ક કરશો.

૯૮૨૦૦૭૫૬૪૫/૯૮૨૧૫૨૩૦૭૬/૯૮૨૧૧૧૯૪૫૧

**ગરીબમાં ગરીબ પણ કરી શકે**
**એવું મહાદાન એટલે ચક્ષુદાન**



Is There any Such Problems in your Home



100% WARRANTY OF LEAKAGE
*Condition Apply

Dampness, Leakage, Seepage
Without Breaking of Terrace & Ceilling Waterproofing
We Provide Lasting Solution For all such wall Problems
Specialist for Crystalised Injection Waterproofing

eg EVERGREEN CORPORATION

ADVT

Contact : 9969753224 / 9820941371 / 9869325770
E-mail evergreencorp99@yahoo.com

## રોઝ ફીરની

સામગ્રી : ૨ લિટર દૂધ, ૧ કપ ચોખા, ૧ કપ ખાંડ, ૨ ચમચી રોઝ સિરપ, ૨ ચમચી ગુલાબજળ તથા ૧/૨ ચમચી ઈલાયચી પાઉડર, ૮થી ૧૦ કાજુના નાના પીસ, ૮ થી ૧૦ બદામની કતરણ અને થોડી ગુલાબની પાંદડીઓ – ગાર્નિશિંગ માટે, એક ડઝન માટીનાં ચોરસ કોડિયાં.

રીત : માટીનાં કોડિયાંને એક મોટા વાસણમાં આખી રાત પાણીમાં પલાળી રાખો. સવારે બહાર કાઢી એક બાજુ પર રાખો.

૧ કપ ચોખાને ધોઈને એક કલાક પાણીમાં પલાળી રાખો. ૧ કલાક બાદ કોરી કરી ૧ કપ દૂધમાં મિક્સરમાં ક્રશ કરી લ્યો. એક મોટા નોનસ્ટિક પેનમાં દૂધ કાઢો. તેમાં તૈયાર મિશ્રણ ઉમેરી ગૅસ પર ગરમ કરવા મૂકો અને સતત હલાવતા રહો. થોડી વાર બાદ જરૂર મુજબ ખાંડ ઉમેરો. રબડી જેટલું ઘટ્ટ થાય ત્યારે ગૅસ બંધ કરો. ઠંડું થયા બાદ તેમાં કાજુના પીસ ઉમેરો. ત્યાર બાદ બાકીની સામગ્રી ઉમેરી હલાવીને એકરસ કરો. રંગ બેબી પિંક થવો જોઈએ.

ત્યાર બાદ તૈયાર માટીના કોડિયામાં ફીરની ભરી ગુલાબની પાંદડી અને બદામની કતરણથી ગાર્નિશ કરો. એક થાળીમાં બધાં કોડિયાં મૂકી ફ્રિજમાં ૨થી ૩ કલાક સેટ થવા મૂકો, મહેમાનોને કોડિયામાં જ સર્વ કરો.

*– કાશ્મીરા હરડે*

ADVT

વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

## થાય, આવું પણ થાય...

આવું કાં થાય? આવું કાં થાય?
એનો ઉત્તર છે એટલો કે એવું પણ થાય,
એના જેવું પણ થાય...
છાપામાં ઊઘડતું તાજું પરોઢ
રોજ સાંજ પડયે પસ્તી થઈ જાય,
આખ્ખો દી ત્રાજવામાં તોળાતી લાગણીઓ
સરવાળે સસ્તી થઈ જાય.
કોરી આંખોમાં હોય બેઠેલા ખારવા
ને માછલીઓ ચશ્મામાં નહાય... આવું કાં થાય?
રોજ રોજ પંખી ઝુલાવનાર ડાળખી
એક દિવસ ખીંટી થઈ જાય,
લેખણમાં ઊડાઊડ કરતું પતંગિયું
કાગળ પર લીટી થઈ જાય;
ક્યાંક ફૂલદાની પર ચોમાસું ત્રાટકે
ને ક્યાંક ઊભા જંગલ સુકાય... આવું કાં થાય?

*– વિનોદ જોશી*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | તેજલ પરિમલભાઈ ગાંધી, ૧૯-૧-૧૯૮૨, ૫'-૨''<br>BHMS, – હોમિયોપથી ડૉક્ટર (મંગળ છે) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>રાજકોટ – મુંબઈ | (ઘર) ૨૬૭૧૬૦૧૬<br>— |
| ૨) | ફોરમ ચંદ્રેશભાઈ દોશી, ૧૦-૪-૧૯૮૫, ૫'-૫''<br>B.Com., DFM, – (મો.: ૯૩૨૨૨૫૨૦૩૨) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મેંદરડા – કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૬૯૬૯૧<br>(ઑ) ૨૮૮૦૦૮૦૯ |
| ૩) | દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |
| ૪) | દિપાલી બિપીનચંદ ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C., – એક્યુપ્રેસર ટ્રીટમેન્ટ આપે છે (હળવો મંગળ છે) | સુરત વી. ઓ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>— |
| ૫) | કરિશ્મા વિનોદભાઈ ગાંધી, ૧૦-૭-૧૯૮૩, ૫'-૨''<br>B.Com., – સર્વિસ | કચ્છી ગુર્જર સ્થા. જૈન<br>કચ્છ અંજાર-માયસોર | (ઘર) ૦૮૨૧-૪૨૫૫૭૦૭<br>(મો) ૮૧૪૭૨૧૬૨૦૪ |
| ૬) | દિશા ભરતકુમાર શાહ, ૫-૩-૧૯૮૪, ૫'-૧''<br>M.Com., – બિઝનેસ – બ્રાઈડલ મેંદી / મેકઅપ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૭) | મેઘા રાજેન્દ્રકુમાર શાહ, ૭-૬-૧૯૮૪, ૫'-૨''<br>B.M.S., M.B.A., – Kotak Mahindra Bankમાં સર્વિસ | વીજા. વીસા ઓ. જૈન<br>વીજાપુર – સાંતાક્રુઝ (વે) | (ઘર) ૨૬૬૦૫૧૦૪<br>(મો) ૯૩૨૨૨૨૭૫૭૧ |
| ૮) | ટ્વિંકલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩''<br>C.A., – સર્વિસ (મો) ૯૩૨૩૧૨૧૫૬૩ | ઘોઘારી વીસા ઓસ. જૈન<br>સિહોર – બોરીવલી | (ઘર) ૨૮૦૭૬૮૨૪<br>૨૨૯૩૦૯૫૨ |
| ૯) | અવનિ હરેશભાઈ કોઠારી, ૨૬-૧૨-૧૯૮૨, ૫'-૩''<br>B.Com., – સર્વિસ (ફો.: ૨૮૦૭૧૮૨૬) | દસા શ્રીમાળી સ્થા. જૈન<br>વડાલ – મલાડ (વે) | (ઘર) ૩૨૫૬૦૨૪૯<br>(મો) ૯૩૨૨૨૭૪૬૩૫ |
| ૧૦) | મમતા કેતનભાઈ શ્રોફ, ૩૦-૪-૧૯૮૫, ૫'-૦''<br>C.A., – સર્વિસ | ખંભાત વીસા શ્રી. જૈન<br>વિલે પાર્લે (વે) | (ઘર) ૩૨૫૦૭૭૮૩<br>(મો) ૯૮૧૯૭૪૧૧૮૩ |
| ૧૧) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA, – (ઘર-૨૪૯૮૫૭૮૭) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઑ) ૨૪૯૮૫૭૮૭<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |
| ૧૨) | ભૂમિકા સુધીરચંદ્ર શાહ, ૨૦-૧-૧૯૮૫, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી (વે) | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૭૦૦૮૦૨૮૯ |
| ૧૩) | નીપા બિપીનભાઈ શાહ, ૨૯-૧૧-૧૯૭૮, ૫'-૪''<br>B.Com., ડિપ્લોમા કૉમ્પ્યુટર્સ અને ટેક્સ મૅનેજમેન્ટ, – | ઘોઘારી વીસા શ્રી. જૈન<br>ઘાટકોપર (ઈ) | (ઘર) ૨૧૦૨૩૨૭૮<br>(મો) ૯૮૧૯૩૩૩૫૮૦ |

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧૪) | જલ્પા બિપીનભાઈ શાહ, ૨૫-૮-૧૯૮૦, ૫'-૪''<br>M.Com., – | ઘોઘારી વીસા શ્રી. જૈન<br>પાલિતાણા-ઘાટકોપર (ઈ) | (ઘર) ૨૧૦૨૩૨૭૮<br>(મો) ૯૮૧૯૩૩૩૫૮૦ |
| ૧૫) | જલ્પા જયકાંતભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>B.Com., – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | ઘોઘા. વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૧૬) | બીજલ જયેશભાઈ દેસાઈ, ૧૭-૮-૧૯૮૭, ૫'-૫''<br>C.A., – સર્વિસ | વીસા શ્રીમાળી સ્થા. જૈન<br>બોટાદ – અંધેરી (વે) | (મો) ૯૩૨૨૭૬૮૪૨૨<br>૭૬૬૬૭૨૯૪૦૦ |
| ૧૭) | નીતિ કૌશિકભાઈ દોશી, ૮-૪-૧૯૮૫, ૫'-૫''<br>B.A., E.C.E., – સર્વિસ (ટીચર) (મંગળ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ધોરાજી – અંધેરી (વે) | (ઘર) ૨૬૨૫૪૪૨૫<br>(મો) ૯૮૨૦૫૯૨૦૩૪ |
| ૧૮) | શિખા દેવાંગભાઈ કપાસી, ૫-૧૦-૧૯૮૭, ૫'-૨''<br>M.B.A., – | દશા શ્રીમાળી દેરા. જૈન<br>ધ્રાંગધ્રા – ઘાટકોપર (ઈ) | (ઘર) ૨૫૦૬૪૬૬૫<br>(મો) ૯૩૨૦૫૪૦૦૭૦ |
| ૧૯) | સ્નેહા નલિનભાઈ દેસાઈ, ૨-૮-૧૯૮૫, ૫'-૦''<br>B.Com., – (મો.: ૯૨૩૧૮૬૫૮૯૧) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>પડધરી – કોલકાતા | (ઘર) ૬૪૫૪૩૫૨૮<br>(મો) ૯૮૩૬૧૮૩૨૭૯ |
| ૨૦) | વિમલ પ્રફુલચંદ્ર મહેતા ૨૪-૭-૧૯૮૪, ૫'-૪''<br>H.S.C., C.I.C., – સર્વિસ (મો.: ૯૮૨૪૧૫૪૫૪૨) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>અમદાવાદ | (ઘર) ૦૨૮૧-૨૫૮૭૫૬૮<br>(ઑ) ૦૨૮૧-૩૨૦૫૪૫૪ |
| ૨૧) | કિંજલ સુધીરભાઈ શાહ, ૩૧-૮-૧૯૮૬, ૫'-૫''<br>M.Com., Dip. in Fashion Design, – સર્વિસ (P.W.C.) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ – મુલુંડ (વે) | (ઘર) ૨૧૬૪૪૨૭૮<br>(મો) ૯૮૨૦૧૨૪૨૯૪ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | હિમાન્શુ નવીનચંદ્ર શાહ, ૫-૬-૧૯૭૩, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (મંગળ છે) | વીસા ઓસવાલ જૈન<br>વડનગર – વિલે પાર્લે | (મો) ૯૮૩૩૩૯૫૬૦૪<br>— |
| ૨) | કૌશલ વિનોદભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૮''<br>F.Y.J.C., – બિઝનેસ (વેવિશાળ મૂકેલ છે – મંગળ છે) | વીસા ઓસ. દેરાવાસી જૈન<br>પ્રભાસપાટણ – બોરીવલી | (ઘર) ૨૮૦૫૯૯૧૦<br>(મો) ૯૮૯૨૦૧૬૩૬૭ |
| ૩) | અંકિત પ્રમોદભાઈ શાહ, ૧૪-૩-૧૯૮૬, ૫'-૧૦''<br>M.Com., M.B.A. – બિઝનેસ | સત્તા. વીસા પોર. દેરા. જૈન<br>બીલીમોરા – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૧૨૮૬૭૪<br>(ઑ) ૨૨૦૬૬૨૩૬ |
| ૪) | મયંક ભરતભાઈ દોશી, ૧૮-૧-૧૯૮૭, ૫'-૧૦''<br>B.E. in EXTC, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા – કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૮૭૩૯૬<br>(મો) ૯૯૬૭૭૩૫૩૫૦ |
| ૫) | જેનીલ હેમંતભાઈ શાહ, ૧૪-૯-૧૯૮૬, ૫'-૮''<br>M.Com., M.B.A. – બિઝનેસ | જામનગર વીસા ઓ. જૈન<br>સાંતાક્રુઝ (વે.) | (ઘર) ૨૬૧૨૫૩૪૭<br>(મો) ૯૮૨૦૬૬૨૫૩૪ |
| ૬) | સંકેત અજિતભાઈ શાહ, ૮-૧-૧૯૮૪, ૫'-૫''<br>B.E. (IT), PGDBA – સર્વિસ (મંગળ છે) (મો. ૯૦૭૬૭૮૮૯૦૯) | વી. શ્રી. શ્વે. મૂ. પૂ. દે. જૈન<br>રાધનપુર – કાંદિવલી | (મો) ૮૦૮૦૭૪૬૮૬૮<br>૯૩૨૧૨૪૪૪૫૫ |
| ૭) | હેમંત સુરેન્દ્રભાઈ શાહ, ૩-૧૨-૧૯૮૫, ૫'-૯''<br>M.C.A. (Studying-VI Semister), – (મંગળ છે) | શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન<br>વિજાપુર – અંધેરી | (ઘર) ૨૬૨૦૪૭૯૧<br>(મો) ૯૩૨૨૫૯૩૬૭૯ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૮) | નીરજ રાજેન્દ્રકુમાર કોઠારી, ૪-૧૨-૧૯૮૩, ૫'-૯''<br>B.Com., DTLP, – બિઝનેસ (હર્ષદ ફાસ્ટ ફૂડ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ ઉપલેટા | (મો) ૯૩૭૭૧૪૧૮૭૫<br>— |
| ૯) | ધવલ અશ્વિનભાઈ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬''<br>B.A., – બજાજ કંપનીમાં સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ ઉપલેટા | (ઘર) ૯૫૨૮૨૬-૨૨૪૮૧૮<br>(મો) ૯૩૭૭૧૪૧૮૭૫ |
| ૧૦) | જિગર કે. મહેતા, ૨-૧૦-૧૯૭૬,<br>H.S.C., Dip. in Hardwear & Networking – સર્વિસ | —<br>દહિસર (ઈસ્ટ) | (ઘર) ૨૮૯૬૧૪૩૪<br>(મો) ૯૭૬૮૧૬૩૧૬૬ |
| ૧૧) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A.,– સર્વિસ (સગપણ તૂટેલ છે-શનિ છે) મો. ૯૮૨૦૮૫૯૦૩૯ | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |
| ૧૨) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩ |
| ૧૩) | સાગર ભરતભાઈ મહેતા, ૪-૨-૧૯૮૪, ૫'-૭''<br>B.E. (Ele. & Teleco.) – સર્વિસ (મો.: ૯૮૯૦૧૩૬૬૬૨) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>મોરબી – બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૯૭૬૪૧<br>(મો) ૯૨૨૬૮૬૫૪૨૫ |
| ૧૪) | મિહિર હેમેન્દ્રભાઈ ગાંધી, ૧૭-૧૧-૧૯૮૪, ૫'-૧૧''<br>M.B.A., – સર્વિસ | વીસા ઓસવાલ દેરા. જૈન<br>પ્રભાસપાટણ-બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૦૨૭૨૯<br>(મો) ૯૩૨૩૨૩૭૧૨૯ |
| ૧૫) | નિશિત ચેતનભાઈ શાહ, ૧૪-૮-૧૯૮૬, ૫'-૬''<br>B.E. Chem., PGDBM, (NMIMS) – સર્વિસ | રોહિડા વી. પો. દેરા. જૈન<br>નવસારી – બોરીવલી (વે) | —<br>(મો) ૯૮૨૧૪૮૩૪૨૯ |
| ૧૬) | મોહિલ સુરેશભાઈ સંઘવી, ૧૪-૯-૧૯૮૫, ૫'-૧૧''<br>M.B.A. (PGDBM) NMIMS, – બિઝનેસ | હા. વીસા શ્રી. સ્થા. જૈન<br>કાંદિવલી (વેસ્ટ) | (મો) ૯૭૭૩૨૧૦૪૩૨<br>૯૮૭૦૭૦૭૨૩૭ |
| ૧૭) | ત્રિલોક અતુલભાઈ બાવીસી, ૧૧-૩-૧૯૮૫, ૬'-૨''<br>M.B.A., – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મુલુંડ | (ઘર) ૨૫૮૨૩૨૪૪<br>(મો) ૯૮૩૩૨૯૨૦૭૫ |
| ૧૮) | પ્રણવ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫'-૭''<br>B.Com., – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | વી. ઓ. શ્રી. મૂ. પૂ. દે. જૈન<br>પાલનપુર – બોરીવલી (વે) | (મો) ૮૮૨૮૧૨૧૧૬૯<br>૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૧૯) | રુષભ કિરીટભાઈ શાહ, ૨-૯-૧૯૮૧, ૫'-૩½''<br>S.Y.B.A., – બિઝનેસ | દશા શ્રીમાળી ઝાલા. જૈન<br>લિંબડી – અંધેરી (વે) | (ઘર) ૨૬૭૦૦૨૯૫<br>(ઑ) ૨૦૩૩૪૩૦૬ |
| ૨૦) | વિશાલ બિપીનચંદ ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ છે) | સુરત વીસા ઓસ. મૂ. પૂ. જૈન<br>સુરત – અંધેરી | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૨૧) | જતીન હસમુખભાઈ શાહ, ૧૮-૮-૧૯૭૮, ૫'-૬''<br>B.Sc., – સર્વિસ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>જોરાવરનગર – ચેમ્બુર | (ઘર) ૨૫૨૧૨૭૧૦<br>(મો) ૯૮૩૩૭૪૬૪૬૬ |
| ૨૨) | મિતુલ ભુપતરાય ઠોસાણી ૧૬-૧-૧૯૭૯ ૫'-૮''<br>B.E. Mechanical – સર્વિસ (શનિ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૮૨૭<br>(મો) ૯૮૧૯૭૦૭૪૯૪ |
| ૨૩) | હેમંત યશવંતરાય શેઠ, ૨૨-૫-૧૯૬૯, ૫'-૫''<br>B.Com., – બિઝનેસ (Divorcee - No Child) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોટી પાનેલી – મલાડ | (ઘર) ૨૮૦૭૯૩૭૧<br>(ઑ) ૨૨૬૯૧૭૭૧ |

# ૨૦૧૨માં વિદેશ યાત્રાએ જવું છે ? 'GEM TOURS' આપે છે સર્વશ્રેષ્ઠ-વિસ્તૃત-બાદશાહી પસંદગીઓ, અકલ્પનીય ભાવે !!!

## સાઉથ આફ્રિકા
દિ-૧૦, ONLY ₹ 99999pp

## સાઉથ આફ્રિકા-વિકટોરીયા ફોલ્સ
દિ-૧૨, ONLY ₹ 139999pp

## સાઉથ આફ્રિકા-કેન્યા
દિ-૧૪, ONLY ₹ 159999pp

## યુરોપ
દિ-૧૭, ONLY ₹ 169999 to 194999pp

## હંગેરી-બુડાપેસ્ટ-પ્રાગ-બર્લીન-ઈન્સબ્રુક
દિ-૧૫, ONLY ₹ 164999pp

## રશિયા-સ્કેન્ડીનેવીયા
દિ-૨૦, ONLY ₹ 274999pp

## ગ્રીસ-તુર્કી (ઊંડાણપૂર્વક)
દિ-૧૪, ONLY ₹ 174999pp

## સ્પેન-પોર્ટુગલ-લિસ્બન-પોર્ટોબાનુસ
દિ-૧૩, ONLY ₹ 164999pp

## વિશ્વમાં સૌ પ્રથમવાર : ICE LAND સાથે FJORDની અદ્ભૂત ક્રુઝ : US$ 2999 to 4444

## CASTLES અને ESTATES સાથે અતિ વૈભવી : IRELAND
દિ-૯, ONLY ₹ 149999pp

આપણ મહારાજ 5* CASTLES માં આપણી જ શુધ્ધ શાકાહારી રસોઈ બનાવશે. આ પ્રકારની ટુર ભારતથી સૌ પ્રથમવાર.

## અમેરિકા સાથે અલાસ્કા FREE
દિ-૨૪, ONLY ₹ 224999pp

## ફકત અમેરિકા
દિ-૧૭, ONLY ₹ 174999pp

## કેનેડીયન રોકીસ-અલાસ્કા
દિ-૧૭, ONLY US$ 2999 to 4999pp

ક્રુઝમાં FREE UPGRADE SUITE ROOM

## 100% ન્યુઝીલેન્ડ
દિ-૧૩, ONLY ₹ 164999pp

## ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ
દિ-૧૯, ONLY ₹ 264999pp

## ફારઈસ્ટ
દિ-૧૩, ONLY ₹ 69999 to 99999pp

## થાઈલેન્ડ
દિ-૬, ONLY ₹ 29999 to 34999pp

## હોંગકોંગ-મકાઉ-સેન્ઝેન
દિ-૯, ONLY ₹ 64999pp

## બ્રાજિલ-આર્જેન્ટીના-પેરુ
દિ-૧૬, ONLY ₹ 349999pp

## દુબઈ
દિ-૫, ONLY ₹ 40999pp

## શ્રીલંકા-માલ્દીવ્સ
દિ-૧૦, ONLY ₹ 89999pp

ADVT.

**GEM**
TOURS & TRAVELS
THE LUXURY TOUR CO.
(AN ITIL ENTERPRISE)

HEMANG DOSHI : 9322216626 ★ HEMEN KATHAWALA : 9819084064
AMIT JAIN : 9867574455 ★ DARSHITA MEHTA : 9820604660
DOLLY JAIN : 9004703237 ★ KEJAL DOSHI : 9820950276

| | | | |
|---|---|---|---|
| CHOWPATTY | : 23677070 | PARLE (W) | : 26178300 |
| PARLE (E) | : 9920378997 | KALBADEVI | : 65892741 |
| GHATKOPAR | : 21026883 | MULUND | : 25933841/42 |
| KANDIVALI (W) M.G. ROAD | : 28659347 | BORIVALI | : 8898222787 |
| S. V. ROAD | : 28645005 | PUNE | : 09326222552 |

ITIL

www.gemtravels.com ★ bshah@gemtravels.com ★ www.facebook.com/gemtours

JAGRUTI SANDESH Regd. No. MH/MR North East/03/2010-2012
Price Rs.5-00 RNI No. 66215/96 Posted At Patrika Chenal Stg. Office, Mumbai-1. On 23-24/03/2012


# BECOME A GLOBAL IT PROFESSIONAL WITH DUAL QUALIFICATION

"Join 3 Years Govt. Recog. Univ. Degree Programme Along With Your Regular College"





**B.Sc.** in Visual Media (Animation)



**B.Sc.** in System & Network Administration



**BCA** in Web & Software

- Time available to pursue a job/ any other hobby
- Curriculum to make student Job Ready Globally
- Focused Learning - subjects relevant to Career
- Scientifically designed Training Methodology
- Recog. as a Global Career across the world
- Education Loan available
- Affordable Fees
- Hostel Facility Available

## OUR NETWORK:

**MUMBAI** And[illegible]488348, Andheri (W): 9324488349, Borivali (W): 9324488303/04, Da[illegible]4488320/21, Dahisar (E): 28928033/22914074, Dahisar (E): 9820687909, Ghatkopar (W): 9324488328/29, Goregaon (E): 9324488313/14, Goregaon (W): 9324488324/25, Kandivali (W) Station: 9324488309/10, Kandivali (W) Charkop: 9324488311/12, Mulund (W): 9324488330/31, Santacruz (E): 32489595/9324287211.

**THANE** Bhayandar (E): 6505673/9820615125, Kalyan (W): 9324488340/41, Mira Road: 982 061 5125/28109244, Thane (W): 9324488336/37, Virar (W): 9324488301/02.

**NAVI MUMBAI** Vashi: 9324488342 / 43.

ADVT

**986 786 4444**
**932 003 6666**
Email : enquiry@saintangelos.com
www.saintangelos.com

**St. Angelo's**
PROFESSIONAL EDUCATION
INSTITUTION FOR TECHNOLOGY & MANAGEMENT

All Degree courses at St. Angelo's Professional Education are offered in the distance education mode from Govt. recog. University approved by UGC


Hon.Editor: Ramesh Sanghavi, Publisher : Jain Jagruti Centre Central Board, 201, Matharu Arcade, Subhash Road, Vile Parle (E), Mumbai-400 057. Ph : 66973038. Printed at Nitin Badani, Arihant Printing Press, Ghatkopar (E), Mumbai-75. Mobile : 9223430415